©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] THURSDAY, AUGUST 07, 2025 / SRAVANA 16, 1947 [No. 32

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	2585-2656	Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	63
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	32	Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	1181-1214

BY PRINCIPAL DISTRICT JUDGE

Read :- (1) Notification No.GK/05/LD/DAC/e-file/12/2025/1368/D, dated 19/03/2025 of Legal Department, Gandhinagar.

(2) Letter No.A.0702/1965, dated 25/03/2025 of the Hon'ble High Court of Gujarat, at Ahmedabad.

NOTIFICATION

No.Adm.Spl-108/529 of 2025.-Consequent upon the powers vested by sub-section (1) of Section 3 of the Prevention of Corruption Act, 1988 (49 of 1988) and in supersession of all earlier Notification issued in this behalf, the Legal Department, Government of Gujarat has issued Notification cited at preamble No. 1, by which, it has been specified that the Govenment of Gujarat has

(i) appointed the Sessions Judge and all the Additional Sessions Judges, Vadodara, Savli, Dabhoi and

Karjan, as the Special Judges for the area of Vadodara District, to try the offences specified in section 3 other than the offences which are investigated by the Delhi Special Police Establishment, with immediate effect.

(ii) appointed the Sessions Judge / Additional Sessions Judge, C.B.I. Court No.06 as the Special Judge for the area of Vadodara District to try the offences specified in the said section 3, which are investigated by the Delhi Special Police Establishment, with immediate effect.

Vadodara, Date:- 29/03/2025.

NOTIFICATION

No.Adm.B-7/139 of 2025.-The following Assistants (Junior Clerks) working on the establishment of the Judicial District of Vadodara, are declared to have passed the Higher and Lower Standard Departmental Examinations of the Judicial Department, held on 1st & 2nd July, 2024, in the District Court, Vadodara, in pursuance of Paragraph 569 of the Civil Manual, 1960.

Their names are arranged in order of merits.

Sr. No.	Name of the Candidate with Seat Number.		Court / Office in which working	Remarks
1.	2.		3.	4.
HIGHER STANDARD DEPARTMENTAL EXAMINATION. PART-I Candidates appearing in all papers.				
1	Mr. Ketankumar A. Chauhan	(5)	Court of Principal Senior Civil Judge, Karjan	--
2	Mr. G. R. Solanki	(16)	Court of Principal Civil Judge, Desar	--
PART-II Candidates who obtained exemption in one or more than one paper in previous attempts :-				
1	Mr. S. J. Gadhavi	(7)	Court of Principal Civil Judge, Desar	--
2	Mr. K. B. Chauhan	(8)	Fast Track Special Court for POCSO Cases	--
3	Mr. J. H. Dodiya	(10)	Court of 8th Additional Civil Judge, Vadodara	--
4	Mr. P. N. Patel	(12)	Office of District Government Pleader, Vadodara	--
5	Mr. Mukeshkumar B. Parmar	(15)	Court of Judicial Magistrate First Class (2nd Court), Vadodara	--
The following candidates, though fail at the Higher Standard Departmental Examination, are hereby exempted from appearing in the paper or papers shown against their names :-				Paper Nos.
1	Mr. M. J. Vaidhya	(1)	Court of Principal Senior Civil Judge, Vadodara	Paper-I
2	Mr. F. D. Surajkar	(6)	Court of 10th Additional District Judge, Vadodara at Savli	Paper-II
3	Mr. Md. Afroz S. Ansari	(13)	Court of Judicial Magistrate First Class (Traffic), Vadodara	Paper-II
4	Mr. S. H. Kher	(14)	Court of Judicial Magistrate First Class (4th Court), Vadodara	Paper-II, III & Oral
5	Mr. K. C. Parmar	(17)	Court of Judicial Magistrate First Class (3rd Court), Vadodara	Paper-III
6	Mr. B. L. Patani	(18)	Court of 7th Additional Senior Civil Judge, Vadodara	Paper-III & Oral

LOWER STANDARD DEPARTMENTAL EXAMINATION. PART-I Candidates appearing in all papers.				
NIL				
PART-II Candidates who obtained exemption in one or more than one paper in previous attempts :-				
1	Mr. P. D. Rathod	(2)	Court of Principal Senior Civil Judge, Dabhoi	--
2	Mr. L. H. Goswami	(8)	Court of Principal Civil Judge, Waghodia	--
3	Mr. N. V. Bhimani	(9)	Court of Judicial Magistrate First Class (3rd Court), Vadodara	--
The following candidates, though fail at the Lower Standard Departmental Examination, are hereby exempted from appearing in the paper or papers shown against their names :-				Paper Nos
1	Mr. M. L. Patel	(1)	Court of Chief Judicial Magistrate Vadodara	Typing Test
2	Mr. S. P. Parmar	(5)	Court of Principal Civil Judge, Sinor	Typing Test
3	Mr. P. J. Vaniya	(6)	Court of 17th Additional Civil Judge, Vadodara	Typing Test
4	Mr. P. S. Baraiya	(7)	District Court, Vadodara	Typing Test

The name of the candidates which are not mentioned above have failed their respective exam.

Vadodara, Date:- 23/01/2025.

J. L. ODEDRA,
Principal District Judge.
Vadodara

BY PRINCIPAL JUDGE

Read :- (1) The Hon'ble High Court of Gujarat's Letter No.A-2403/2024, Dt.16/05/2024.

(2) Legal Department Gandhinagar Notification NO.GK/41/2024/LD/BEF/e-file/12/2023/8352/D(PART23), Dt.28.05.2024.

(3)The Hon'ble High Court of Gujarat's Direction given in the video conferencing ordanized on Dt. 24/05/2024.

NOTIFICATION

No.03.2024.-Upon careful consideration of the aforementioned preamble clauses (1), (2), and (3), it is hereby notified that the Family Court at Sami and the Family Court at Radhanpur will commence operations effective from June 1, 2024. The following Judge will preside over the newly established Family Courts as per the arrangement specified below. This arrangement shall remain in effect until further directives are issued by this office and the Hon'ble High Court of Gujarat. The implementation of this notification will take effect prior to the commencement of office hours on June 1, 2024.

Sr No.	Name of the Judge	Place of the Family Court	Date
1	Mr. P. V. Joshi Principal Judge	Patan	From 1st to 15th date of every month
		Sami	From 16st to 23rd date of every month
		Radhanpur	From 24th date of every month to the last date of the month

Patan, Date:- 30/05/2024.

B. K. BAROT,
I/c. Principal Judge,
Family Court, Patan

Read :- (1) Notification No.A.0705(11)/2024[7], dated 08/05/2024 of Hon'ble High Court of Gujarat, Ahmedabad.

(2) This Office, Office Order No. 119/2024, dated By PRINCIPAL DISTRICT JUDGE 13/05/2024.

NOTIFICATION

No.88 of 2024.-Consequent upon the creation of the Court of 2nd Additional Senior Civil Judge & Additional Chief Judicial Magistrate, Vyara, Dist-Tapi vide above referred Notification of Hon'ble High Court of Gujarat, Ahmedabad, it is notified for General to all concerned that the Court of 2nd Additional Senior Civil Judge & Additional Chief Judicial Magistrate, Vyara, Dist-Tapi is functioning w.e.f. 20/05/2024 B.O.Hs. The Address of the said Court is as under :

:- ADDRESS :-

THE 2nd ADDITIONAL SENIOR CIVIL JUDGE & ADDITIONAL CHIEF JUDICIAL MAGISTRATE,
VYARA, DIST-TAPI
ROOM NO. 21, 1st FLOOR,
CIVIL COURT BUILDING,
DISTRICT COURT COMPLEX, VYARA,
DISTRICT-TAPI.
PIN CODE - 394650

Tapi at Vyara, Date:- 15/05/2024.

Read :- (1) Notification No.A.0705(11)/2024[7], dated 08/05/2024 of Hon'ble High Court of Gujarat, Ahmedabad.

(2) This Office, Office Order No. 119/2024, dated 13/05/2024.

NOTIFICATION

No.89 of 2024.-Consequent upon the creation of the Court of 3rd Additional Senior Civil Judge & Additional Chief Judicial Magistrate, Vyara, Dist-Tapi vide above referred Notification of Hon'ble High Court of Gujarat, Ahmedabad, it is notified for General to all concerned that the Court of 3rd Additional Senior Civil Judge & Additional Chief Judicial Magistrate, Vyara, Dist-Tapi is functioning w.e.f. 20/05/2024 B.O.Hs. The Address of the said Court is as under :

:- ADDRESS :-

THE 3rd ADDITIONAL SENIOR CIVIL JUDGE & ADDITIONAL CHIEF JUDICIAL MAGISTRATE,
VYARA, DIST-TAPI
ROOM NO. 43, 3rd FLOOR,
CIVIL COURT BUILDING,
DISTRICT COURT COMPLEX, VYARA,
DISTRICT-TAPI.
PIN CODE - 394650

Tapi at Vyara, Date:- 15/05/2024.

J. V. PATEL,
I/c. Principal District Judge,
Tapi at Vyara.

Read :- (1) The Hon'ble High Court of Gujarat, Ahmedabad Notification No.C.2103/2024, dated 11/12/2023

(2) This Office Notification No.Adm./37 of 2023, dated 28/12/2023.

NOTIFICATION

No.11 / 2024.-In view of the fact that the Summer Vacation of this District Court commencing from Monday 13th May, 2024 to Sunday 09th June, 2024 (both days inclusive), vide notification cited in the preamble. All the Judicial Officers except Appellate Judges of this District, Staff Members are hereby prevented from enjoying the Annual Summer

Vacation for 28 (Twenty eight) days commencing from Monday 13th May, 2024 to Sunday 09th June, 2024 (both days inclusive) to decrease pendency of cases which are more than five years old and to complete pending work related Civil and Criminal matters respectively.

All the Presiding Officers and Head of Branches are directed to follow the above instruction scrupulously.

Narmada at Rajpipla, Date : 19/04/2024

R. T. PANCHAL,
Principal District Judge,
Narmada at-Rajpipla.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધા :-

(૧) ઉપસચિવશ્રી (કા.વ્ય.-૧) ગૃહ વિભાગ પત્ર ક્રમાંક:-વિ.૧/કઅવ/૧૦૨૦૨૧/૧૪૧૧ તા.૨૯/૦૮/૨૦૨૨

-:: જાહેરનામુ ::-

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે.

નં.ડીસીબી-એમએજી/ગણપતિ/૨જી.નં.૫૬/૨૦૨૪.–વલસાડ જિલ્લામાં દર વર્ષે ગણશોત્સવનો તહેવાર ખુબ જ ઉત્સાહ પુર્વક અને ધામધૂમથી મનાવવામાં આવે છે. ચાલુ વર્ષે પણ ગણેશ મહોત્સવ તહેવાર ઉજવવામાં આવનાર છે. ઉકત તહેવારમાં જિલ્લામાં ભગવાનશ્રી ગણેશજીની પ્રતિમાઓની સ્થાપના થતી હોય છે તેમજ ગણેશ મહોત્સવ દરમ્યાન ગણેશજીની પ્રતિમાઓનું વિસર્જન અર્થે સરઘસ નિકળતું હોય છે અને શ્રધ્ધાળુઓ દ્વારા ગણેશજીની પ્રતિમાઓનું વિસર્જન નદી, તળાવ તથા દરિયા કિનારે કરવામાં આવે છે.

પાણી તથા પર્યાવરણમાં થતા પ્રદુષણને અટકાવવાના હેતુસર ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ગણેશ મહોત્સવ તહેવાર દરમ્યાન દેવી / દેવતાઓની મૂર્તિઓની બનાવટમાં તથા મૂર્તિઓના વિસર્જન સમયે નીચે જણાવ્યા મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવા તથા પ્રવર્તમાન માર્ગદર્શિકાનો અમલ કરાવવો જરૂરી જણાય છે.

વાસ્તે હું આયુષ ઓક, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ નીચેના કૃત્યો કરવા પર સમગ્ર વલસાડ જિલ્લાના વિસ્તારમાં પ્રતિબંધ ફરમાવુ છું.

(૧) પી.ઓ.પી.ની મૂર્તિઓ વિસર્જન સમયે નદીઓ/તળાવ/દરિયાના કિનારે પુજન વિધી કરી નદીઓ (તળાવ/દરિયાના કિનારે રાખવી નહી કે નદી / તળાવ/દરિયામાં પધરાવવી નહી. તેમજ કૃત્રિમ તળાવો બનાવ્યા સિવાય વિસર્જન કરવી નહી.

(૨) મુર્તિઓની બનાવટમાં બીજા ધર્મના લોકોની લાગણી દુભાઈ તેવા કોઈ ચિન્હો કે નિશાનીઓ રાખવી નહી.

(૩) મુર્તિઓનું વેચાણ થયા બાદ વધેલી તથા ખંડિત મુર્તિઓને બિન વારસી હાલતમાં છોડીને જવું નહિ. તે અંગે જિલ્લાના ગણેશ ઉત્સવ મંડળોએ અમલ કરવા/કરાવવો તથા પોલીસ ખાતાએ ખાસ તકેદારી રાખવાની રહેશે.

(૪) કોઈપણ મૂર્તિકારો કે પ્રતિમા બનાવનાર કારીગરો-કલાકારોએ શ્રી ગણેશજીની પ્રતિમા / મૂર્તિ નવ ફૂટથી વધારે(બેઠક સહિત) ઊંચાઈની બનાવવી નહી કે વેચવી નહીં.

(૫) ગણેશ મહોત્સવ દરમ્યાન ઉપયોગમાં લેવામાં આવનાર ગણપતિજીની મૂર્તિઓની ઉચાઇ (બેઠક સહિત) ૯ (નવ) ફુટથી વધુ ન હોય તે રીતે આયોજન કરવાનું રહેશે તથા વિસર્જન દરમ્યાન સરકારશ્રીની પ્રર્વતમાન નિયમોનુસારની કાર્યવાહી અનુસરવાની રહેશે.

(૬) મુર્તિઓની બનાવટમાં મુર્તિઓ પાણીમાં સહેલાઈથી ઓગળી શકે તેવા બિનઝેરી કુદરતી રંગોનો જ ઉપયોગ કરવો. ઝેરી અને ઉતરતી કક્ષાના સીન્થેટીક, રસાયણ કે કેમીકલ, ડાય યુક્ત રંગોને ઉપયોગ કરવો નહી.

(૭) મુર્તિકારો જે જગ્યાએ મુર્તિઓ બનાવે છે તે જગ્યા તથા વેચાણની જગ્યાની આજુ બાજુમાં ગંદકી કરવી નહી. તે અંગે નગરપાલિકા તથા સક્ષમ સ્થાનિક સંસ્થાએ તકેદારી રાખવી.

(૮) વલસાડ બહારથી મુર્તિઓ લાવી વેચનાર મુર્તિકારો / વેપારીઓને પણ આ નિયમો લાગુ પડશે.

(૯) વિસર્જન સરઘસ માટેના પરમીટમાં દર્શાવેલ રૂટ સિવાય અન્ય રૂટ ઉપર શોભાયાત્રા કાઢવી નહી.

(૧૧) નામ.સુપ્રિમ કોર્ટ અને પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડની વિસર્જનની ગાઇડ લાઇન મુજબ વિસર્જન કરવા અંગે તકેદારી રાખવી.

(૧૨) સરકારશ્રીના ગૃહ વિભાગ, વન અને પર્યાવરણ વિભાગ તથા નામ. સુપ્રિમ કોર્ટ/નામ.હાઇકોર્ટ તથા અન્ય ટ્રીબિન્યુઅલની વખતોવખતની સુચના અને માર્ગદર્શન મુજબ ફેરફારને આધિન તથા સબંધિતોને બંધનકર્તા રહેશે.

-:: અમલવારીનો સમય ::-

આ હુકમની અમલવારી તા.૦૭/૦૬/૨૦૨૪ થી તા.૩૦/૦૬/૨૦૨૪ સુધી (બન્ને દિવસો સહિત) કરવાની રહેશે.

-: શિક્ષા :-

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ની જોગવાઇ મુજબ શિક્ષાને પાત્ર થશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા પો.સબ ઈન્સપેકટરશ્રી કે તે ઉપરનાં હોદો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ : ૦૭/૦૬/૨૦૨૪ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

:: જાહેરનામુ ::

:: ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળનું ::

નં.ડીસીબી/એમએજી/જાહેરનામું/લો.સ.ચુંટણી/૨જી.૨૩/વશી.૨૦૧૨ થી ૨૦૬૮/૨૦૨૪.–ભારતનાં ચુંટણી આયોગ દ્વારા લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૨૪ નો વિગતવાર કાર્યક્રમ પત્રનં.ઈએલસી/૧૦૨૦૨૪/૧૧/૬(MCC), તા.૧૬/૦૩/૨૦૨૪ થી જાહેર કરવામાં આવેલ છે અને તે મુજબ મતદાન તા.૦૭/૦૫/૨૦૨૪ ના રોજ યોજાનાર છે. આ ચુંટણીના ઉમેદવારો અને રાજકીય પક્ષો તરફથી ચુંટણી પ્રચાર માટે વાહનોનો બહોળો ઉપયોગ થનાર છે. જે પ્રચાર સમયે ઘણા પ્રસંગોએ અસામાજિક તત્વો જાહેરમાં મતદારોના મનમાં કોઈ ઉમેદવારના પક્ષમાં મત આપવા ભય ફેલાવે તેવી શકયતા છે. વધુમાં આવા વાહનો ધ્વારા ઘણીવાર ગેરકાયદેસર હથિયાર અને દારૂગોળા આયાત કરી ચુંટણી પ્રક્રિયાને ખલેલ પહોંચાડે તેવી પણ શકયતા છે. આ ઉપરાંત ચુંટણી પ્રચાર ટ્રાફીકને અવરોધરૂપ બને નહી તે પણ જોવું જરૂરી છે. આ અંગે ભારતીય ચુંટણી પંચના પત્ર ક્રમાંકઃ-૪૩૭/૬/૦૬-પીએલએન /૩, તા.૨૩/૧૧/૨૦૦૭ અને અધિક મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજયના પત્ર ક્રમાંકઃ-ઈએલસી/૧૦૦૭-૧૦૭૩ (૨)-છ, તા.૦૧/૦૪/૨૦૦૯ તથા પત્ર ક્રમાંક:ઈએલસી/૧૦૨૦૧૪/૫૧(૨)-છ, તા.૧૩/૦૪/૨૦૧૪ ની સુચના અનુસાર વાહનો ઉપર નિયંત્રણ મુકવુ જરૂરી હોઈ ભારતીય ચુંટણી પંચ તરફથી અમુક પ્રતિબંધ ફરમાવેલ છે.

વાસ્તે હું આયુષ ઓક, (આઈ.એ.એસ.) જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વલસાડની હકુમત હેઠળના સમગ્ર વલસાડ જિલ્લાના વિસ્તારમાં,

૧. કોઈપણ રાજકીય પક્ષો કે ઉમેદવાર કે તેના ચુંટણી એજન્ટ કે કાર્યકર ધ્વારા ચુંટણી પ્રચાર માટે પરવાનગી મેળવી માત્ર બે ચક્રીય/ત્રણ ચક્રીય/ ચાર ચક્રીય વાહનોનો ઉપયોગ કરી શકાશે.

૨ જાહેર રસ્તાઓ ઉપર દસથી વધુ વાહનોના કાફલામાં સાથે જઈ શકાશે નહી અને આવો કાફલો જો કોઈ કિસ્સામાં દસથી વધુ વાહનોનો હોય તો તેને દસ વાહનોથી વધુ ન થાય તે રીતે ભાગ પાડી અલગ કરવાના રહેશે અને આવા ભાગ પાડેલા બે કાફલા વચ્ચે પણ ઓછામાં ઓછુ ૨૦૦ મીટરનું અંતર રાખવાનું રહેશે.

:: અપવાદ ::

જે રાજકીય નેતાઓને લોક પ્રતિનિધિત્વ ધારા-૧૯૫૧ ની કલમ-૭૭(૧) હેઠળ મુકિત મળેલ હોય તેઓને આ પ્રતિબંધ લાગુ પડશે નહી.

“વાહનો” માં ટ્રક, ટેમ્પો, કાર, ટેક્ષી, વાન, ત્રણ પૈંડાવાળા વાહનો, સ્કુટરો, રીક્ષા, મીની બસ, ટ્રેલર કે તે વિનાનું ટ્રેકટર, સ્ટેશન વેગન તેમજ યાંત્રિક શકિત થી ચાલતા અન્ય વાહનોનો સમાવેશ થશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાત્મક પોલીસ કાર્યવાહીને પાત્ર ઠરશે તેમજ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૩ હેઠળ તથા ભારતીય દંડ સંહિતાના પ્રકરણ-૯(ક)(એ) હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી થઈ શકશે અને જાહેરનામાંનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી કે તેનાથી ઉપરનો હોદો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૧૪/૦૫/૨૦૨૪ સુધી અમલમાં રહેશે.

આજ તા.૧૬/૦૩/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યો.

:: જાહેરનામુ ::

:: ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળનું ::

નં.ડીસીબી/એમએજી/જાહેરનામું/લો.સ.ચુંટણી/૨જી.૨૬/વશી.૨૧૮૩ થી ૨૨૩૯/૨૦૨૪.–ભારતનાં ચુંટણી આયોગ દ્વારા લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૨૪ નો વિગતવાર કાર્યક્રમ પત્રનં.ઈએલસી/૧૦૨૦૨૪/૧૧/૬(MCC), તા.૧૬/૦૩/૨૦૨૪ થી જાહેર કરવામાં આવેલ છે અને

તે મુજબ મતદાન તા.૦૭/૦૫/૨૦૨૪ ના રોજ યોજાનાર છે. આ ચુંટણીમાં ઉમેદવારો તથા રાજકીય પક્ષો તરફથી ચુંટણી પ્રચાર માટે જાહેરસભાઓ તથા સરઘસો યોજાનાર છે. જેથી જાહેર સુલેહશાંતિ જાળવવા સારૂ સભા/સરઘસ ઉપર યોગ્ય પ્રતિબંધ મુકવો ઈચ્છનીય છે.

વાસ્તે હું આયુષ ઓક (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વલસાડની હકુમત હેઠળના સમગ્ર વલસાડ જિલ્લાના વિસ્તારમાં,

૧. કોઈપણ વ્યક્તિ/વ્યક્તિઓએ આ હુકમની તારીખથી તા.૧૪/૦૫/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન (બંન્ને દિવસો સહીત) સક્ષમ અધિકારીની પરવાનગી વિના ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ ભેગાં થવું નહીં, કોઈ સભા કરવી કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહીં.

૨. કોઈ પણ રાજકિય પક્ષ કે ઉમેદવારો દવારા સભા કે સરઘસનું આયોજન કરતા પહેલા સક્ષમ અધિકારીની પરવાનગી મેળવવાની રહેશે.

૩. ઉમેદવાર ઉમેદવારી પત્રો ભરવા કે ઉમેદવારી પત્રોની ચકાસણીમાં હાજરી આપવા કે ચુંટણી પ્રતિકની ફાળવણીની પ્રક્રિયામાં હાજરી આપવા માટે ચુંટણી અધિકારીશ્રીની કચેરીમાં જાય ત્યારે મોટા સરઘસ સ્વરૂપે જવું નહી.

૪. જયાં એક પક્ષે સભા યોજી હોય એવા સ્થળોએ બીજા પક્ષે સરઘસ લઈ જવું નહી તેમજ ખલેલ પહોંચાડવી નહી.

૫. ચૂંટણીના સરઘસ અને રેલીમાં સ્થાનિક કાયદા અને અમલમાં હોય તે પ્રતિબંધક હુકમને આધિન ધ્વજ, બેનર્સ કે કટ

આઉટ રાખી શકાશે. આવા સરઘસમાં પક્ષે/ઉમેદવારે પુરા પાડેલ ટોપી, માસ્ક, સ્કાર્ફ વગેરે પહેરી શકશે.

:: પરંતુક ::

(૧) ચુંટણી પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ શરૂ થયા બાદ એટલે કે મતદાન પુરુ થવાના કલાક સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન ચુંટણી પ્રચાર માટે ઘેર ઘેર મુલાકાત લેતી વખતે એક સાથે વધુમાં વધુ ચાર વ્યક્તિ જઈ શકશે.

(૨) ચુંટણી પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ શરૂ થયા બાદ એટલે કે મતદાન પુરુ થવાના કલાક સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન ચુંટણી પ્રચાર પક્ષના કાર્યકરો/નેતાઓ જેના પર પક્ષનુ પ્રતિક હોય તેવી ટોપી/મફલર પહેરી શકશે

પરંતુ બેનર પ્રદર્શીત કરી શકશે નહી.

આ હુકમનો કોઈપણ મજકુર નીચેના કિસ્સામાં લાગુ પડશે નહીં.

લગ્નના વરઘોડા, સીનેમામાં, ટાઉન હોલમાં, સ્મશાન યાત્રામાં, એસ.ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી માટે, મંદિર, મસ્જિદ કે દેવળમાં પ્રાર્થના માટેના શુધ્ધ આશયથી જતી વ્યક્તિઓ, કામકાજના સ્થળોએ કામ કરતી વ્યક્તિઓને.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષા થઈ શકશે અને જાહેરનામાંનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૧૪/૦૫/૨૦૨૪ સુધી અમલમાં રહેશે.

આજ તા.૧૬/૦૩/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યો.

:: જાહેરનામુ ::

:: ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળનું ::

નં.ડીસીબી/એમએજી/જાહેરનામું/લો.સ.ચુંટણી/૨જી.૨૭/વશી.૨૨૪૦ થી ૨૨૯૬/૨૦૨૪.–ભારતનાં ચુંટણી આયોગ દ્વારા લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૨૪ નો વિગતવાર કાર્યક્રમ પત્રનં.ઈએલસી/૧૦૨૦૨૪/૧૧/૬(MCC), તા.૧૬/૦૩/૨૦૨૪ થી જાહેર કરવામાં આવેલ છે અને તે મુજબ મતદાન તા.૦૭/૦૫/૨૦૨૪ ના રોજ યોજાનાર છે. સદરહુ ચુંટણીને અનુલક્ષીને તમામ રાજકીય પક્ષોના ઉમેદવારો તેમના કાર્યકરો સાથે વાહન ઉપર લાઉડ સ્પીકર લગાડી પ્રચાર કરતા હોય છે. ભારતીય ચુંટણી પંચના પત્ર ક્રમાંક:-૪૩૭/૬/પીએલએન-૩, તા.૧૬/૦૩/૨૦૦૭ તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજયના પત્ર ક્રમાંક:-ઈએલસી/૧૦૦૭-૧૭૫(૨)-છ, તા.૧૬/૦૪/૨૦૦૭ ની સુચના અનુસાર પ્રચારમાં વાહનોનો ઉપયોગ કરવા માટે તે વાહનની નોંધણી કરાવી પરવાનગી લેવાની થાય છે. વાહનની નોંધણી તેમજ તેના ઉપયોગ માટેની પરવાનગીની કાર્યવાહી જે તે સંબંધિત ચૂંટણી અધિકારી તરફથી કરવામાં આવે છે. જે પરમીટ વાહન ઉપર સ્પષ્ટ દેખાય તેવી રીતે વીન્ડ સ્ક્રીન પર લગાવવાની રહેશે તેમજ પ્રચાર માટે માઈકનો ઉપયોગ કરવા માટેની પરવાનગી સંબંધિત સક્ષમ અધિકારીની મેળવવાની રહેશે. ઘણાં રાજકીય પક્ષના ઉમેદવારોના કાર્યકરો આવી પરવાનગી લીધા સિવાય પ્રચાર કરી ચૂંટણી આચાર સંહીતાનો ભંગ કરતા હોય છે. જેથી ચૂંટણી પ્રકીયા ઉપર માઠી અસર પડવાનો સંભવ રહે છે.

વાસ્તે હું આયુષ ઓક (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વલસાડની હકુમત હેઠળના સમગ્ર વલસાડ જિલ્લાના વિસ્તારમાં,

૧. કોઈપણ રાજકીય પક્ષના ઉમેદવાર કે કાર્યકરો પોતાના પક્ષના ચૂંટણી પ્રચાર માટે વાહનનો ઉપયોગ જે તે મતવિસ્તારના ચૂંટણી અધિકારી પાસે વાહનની નોંધણી કર્યા સિવાય અને પરવાનગી લીધા સિવાય વાહનનો ઉપયોગ કરી ચૂંટણી પ્રચાર કરી શકશે નહી.

૨. ચૂંટણી પ્રચારમાં ઉપયોગમાં લેવાયેલ વાહન ઉપર વીન્ડ સ્ક્રીન ઉપર પરમીટ લગાડયા સિવાય ચૂંટણી પ્રચાર કરી શકશે નહી. આ પરમીટમાં વાહન વિધાનસભા મતદાર વિભાગના કયા વિસ્તારમાં ઉપયોગમાં લેવા માટે નોંધણી કરાવવામાં આવી છે તેની સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે. તથા વપરાશમાં લેવાયેલ વાહનનો પેટ્રોલ, ડીઝલ, ડ્રાઈવર સહીતનો ખર્ચ ઉમેદવારના ચૂંટણી ખર્ચમાં ઉમેરવાનો રહેશે.

૩. વગર પરવાનગીએ વાહનમાં લાઉડ સ્પીકરથી ચૂંટણી પ્રચાર કરી શકશે નહી.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષા થઈ શકશે અને જાહેરનામાંનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી કે તેનાથી ઉપરનો હોદો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૧૪/૦૫/૨૦૨૪ સુધી અમલમાં રહેશે.

આજ તા.૧૬/૦૩/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યો.

આયુષ ઓક,
જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

-:જાહેરનામું:-

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે.

નં.ડીસી/પીઓએલ/એમએજી/શસ્ત્રો/હથિયાર/એસ.આર.-૪૫/૨૦૨૫.–આગામી દિવસોમાં આવનાર તહેવારોને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદૂક, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળું પડતું હોય તેવું ચપ્પુ ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળું ધાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઇ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી અથવા શારીરિક નુકશાન પહોંચાડવાના ઉપયોગ થઇ શકે તેવી બીજી કોઇ ચીજો લઇ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનીકારક એવી કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું,

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઇ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અથવા પેટાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવાની

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાદ્ય વગાડવાની

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઇ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનો અભિપ્રાય પ્રમાણે સુરુચી અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વગેરે કરવાની અને તે ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

-:વિસ્તાર:-

અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર

-:અપવાદ:-

આ હુકમનો નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરો અથવા કામગીરીમાં હોય તેમજ ઉપરી અધિકારીશ્રીએ આવા કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિ. સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહિ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવી. મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, પોલીસ અધિક્ષકશ્રી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેક્ટર સુધીનાં હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૦૬/૦૩/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા.૨૦/૦૩/૨૦૨૫ ના કલાક ૨૪.૦૦ સુધી (બંન્ને દિવસો સહિત) ૧૫ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૦૫/૦૩/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

-:જાહેરનામું:-

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે.

નં.ડીસી/પીઓએલ/એમએજી/સભા-સરઘસ/એસ.આર.-૪૬/૨૦૨૫.—આગામી દિવસોમાં આવનાર તહેવારોને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની જાણવણી માટે હું બી. આર. સાગર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઇએ ફરમાવું છું કે નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તા.૦૬/૦૩/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા.૨૦/૦૩/૨૦૨૫ ના કલાક ૨૪.૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ અગર કોઇ સભા કરવી કે બોલાવવી નહી તેમજ કોઇ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર:- અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર

ખુલાસો:- આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથ, ગલીઓ તથા પેટા ગલીઓનો સમાવેશ પણ થાય છે.

અપવાદ:- આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેવી ફરજ ઉપર હોય અથવા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા સરઘસોને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેક્ટર સુધીનાં હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૦૬/૦૩/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા.૨૦/૦૩/૨૦૨૫ ના કલાક ૨૪.૦૦ સુધી (બંન્ને દિવસો સહિત) ૧૫ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૦૫/૦૩/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

વંચાણે લીધું:-

પો. ઈન્સ.શ્રી એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદના પત્ર ક્રમાંક:એલ.આઈ.બી./ડાકોર પગપાળા/જાહેરનામું/૧૮૭૨/૨૦૨૫ તા.૦૬/૦૩/૨૦૨૫

જાહેરનામું :-

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે.

નં.ડીસી/એમએજી/જા.ના./ડાકોર પગપાળા/ડાયવર્ઝન/એસ.આર.૪૮ /૨૦૨૫.—આગામી તા.૧૩/૦૩/૨૦૨૫ તથા તા.૧૪/૦૩/૨૦૨૫ ના રોજ ફાગણી પુનમના તહેવાર નિમિતે ખેડા જિલ્લાના ડાકોર ખાતે પદયાત્રીકો ખુબ જ વિશાલ સંખ્યામાં અમદાવાદ જિલ્લાની હદમાંથી મહેમદાબાદ રોડ ઉપરથી પસાર થતાં હોય જેથી પદયાત્રીકોની સુરક્ષા માટે હાથીજણ સર્કલથી અમદાવાદ ગ્રામ્ય જિલ્લાની હદ સુધીના રસ્તાઓ

ડાયવર્ટ કરવા તેમજ બંધ કરવાની જરૂરિયાત રહેતી હોય. જેથી હાથીજણ સર્કલથી રાસ્કા ચેકપોસ્ટ સુધીના રોડ ઉપર આવતા ચાર પૈડા કે તેથી વધુ પૈડા ધરાવતા યાંત્રિક વાહનો બંને બાજુથી જતા-આવતા ભારે વાહનો પર, હેરાફેરી પર પ્રતિબંધ તા.૦૯/૦૩/૨૦૨૫ ના રોજ કલાક ૦૦:૦૦ થી તા.૧૪/૦૩/૨૦૨૫ ના રોજ કલાક ૨૪:૦૦ સુધી કુલ-૦૬ દિવસ માટે પ્રતિબંધિત જાહેરનામું ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧)(ખ) મુજબનું પ્રસિધ્ધ કરવામાં આવે છે

આથી હું બી. આર. સાગર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છુ કે, તા.૦૯/૦૩/૨૦૨૫ ના કલાક ૦૦/૦૦ વાગ્યાથી તા.૧૪/૦૩/૨૦૨૫ના કલાક ૨૪/૦૦ સુધી નીચે મુજબની વ્યવસ્થાનું પાલન કરવા જણાવવું છું

ઉપરોકત જાહેરનામાના પ્રતિબંધિત હુકમ દરમ્યાન ટ્રાફિક વ્યવસ્થા નીચે મુજબ ડાયવર્ટ કરવા જાહેર જનતાને સુચના આપવા આવે છે.

પ્રતિબંધિત વિસ્તાર	વૈકલ્પિક રૂટ
હાથીજણ સર્કલથી રાસ્કા ચેકપોસ્ટ સુધીના રોડ	૧. હાથીજણ વિવેકાનંદનગર ગેરતપુર તરફ આવવા જવા માટે - હાથીજણ સર્કલ રીંગ રોડથી રોપડા બ્રીજ થઈ અસલાલી સર્કલ થઈ ખેડા તરફ ૨. બીબીપુરા વાંચ હીરાપુર હરણીયાવ તરફ આવવા જવા માટે - રામોલ અદાણી સર્કલથી બીબીપુરા વાંચ હીરાપુર હરણીયાવ તરફ

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિકારીશ્રીના દરજ્જાથી પોલીસ સબ ઇન્સપેક્ટર સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓ / કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એક્ટ કલમ - ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૭/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

-:જાહેરનામું:-

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે.

નં.ડીસી/પીઓએલ/એમએજી/શસ્ત્રો/હથિયાર/એસ.આર.-૪૯/૨૦૨૫.—આગામી દિવસોમાં આવનાર તહેવારોને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદૂક, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળું પડતું હોય તેવું ચપ્પુ ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળું ધાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઇ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી અથવા શારીરિક નુકશાન પહોંચાડવાના ઉપયોગ થઇ શકે તેવી બીજી કોઇ ચીજો લઇ જવાની.

(૨) કોઇપણ રીતે શરીરને હાનીકારક એવી કોઇપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું,

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઇ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અથવા પેટાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવાની

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાદ્ય વગાડવાની

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઇ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનો અભિપ્રાય પ્રમાણે સુરુચી અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વગેરે કરવાની અને તે ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

-:વિસ્તાર:-

અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર

-:અપવાદ:-

આ હુકમનો નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરો અથવા કામગીરીમાં હોય તેમજ ઉપરી અધિકારીશ્રીએ આવા કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિ. સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહિ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવી. મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, પોલીસ અધિક્ષકશ્રી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેક્ટર સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૨૧/૦૩/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા.૦૪/૦૪/૨૦૨૫ ના કલાક ૨૪.૦૦ સુધી (બંન્ને દિવસો સહિત) ૧૫ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૧૯/૦૩/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

-:જાહેરનામું:-

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયેનો.

નં.ડીસી/પીઓએલ/એમએજી/સભા-સરઘસ/એસ.આર.-૫૦/૨૦૨૫.—આગામી દિવસોમાં આવનાર તહેવારોને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની જાણવણી માટે હું બી. આર. સાગર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તા.૨૧/૦૩/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા.૦૪/૦૪/૨૦૨૫ ના કલાક ૨૪.૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ અગર કોઈ સભા કરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર:- અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર

ખુલાસો:- આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથ, ગલીઓ તથા પેટા ગલીઓનો સમાવેશ પણ થાય છે.

અપવાદ:- આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેવી ફરજ ઉપર હોય અથવા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા સરઘસોને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેક્ટર સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૨૧/૦૩/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા.૦૪/૦૪/૨૦૨૫ ના કલાક ૨૪.૦૦ સુધી (બંન્ને દિવસો સહિત) ૧૫ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૧૯/૦૩/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

વંચાણમાં લીધું:-

(૧) પોલીસ ઈન્સ્પેકટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના તા.૧૮/૦૩/૨૦૨૫ના પત્ર ક્રમાંક : એલ.આઈ.બી./પ્રોટ/નો ફલાય ઝોન/૨૧૮૦/૨૦૨૫

જાહેરનામું:-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ-૧૬૩ અન્વયેનો.

નં.ડીસી/એમએજી/જાહેરનામું/નો ડ્રોન ફલાય ઝોન/એસ.આર.૫૧/૨૦૨૫.–આમુખ-(૧) ના પોલીસ ઈન્સ્પેકટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના તા.૧૮/૦૩/૨૦૨૫ ના પત્રથી ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી નાઓ તા.૨૦/૦૩/૨૦૨૫ ના રોજ કલાક ૧૦:૦૦ વાગ્યે ધોલેરા પો. સ્ટે.ની હદમાં આવેલ બાવળીયારી ગામમાં આવેલ સંતશ્રી નગાલાખાબાપાના મંદિરે થનાર કાર્યક્રમમાં પધારનાર છે. ત્યારબાદ કાર્યક્રમ પૂર્ણ કરી પરત જવા રવાના થનાર છે.

જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ તા.૨૦/૦૩/૨૦૨૫ ના રોજ સવારના કલાક ૦૮:૦૦ થી કલાક ૧૫:૦૦ સુધી ધોલેરા પો.સ્ટે.ની હદના ઉપરોક્ત જણાવેલ કાર્યક્રમવાળી જગ્યા તથા તેની ચારેય બાજુના બે કિલોમીટરના એરીયા વિસ્તારને "NO DRONE FLYING ZONE" તરીકે જાહેર કરવા સબંધિત એરપોર્ટ ઓથોરીટી તરફ જરુરી સુચના આપવા વિનંતી કરેલ છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ સમયે તથા સ્થળને "NO DRONE FLYING ZONE" જાહેર કરૂ છું. જે દરમ્યાનમાં રીમોટ કંટ્રોલથી ચલાવવામાં આવતા ડ્રોન (DRONE), કવાડ કોપ્ટર (QUADCOPTER), પાવર્ડ એરક્રાફટ (POWERED AIRCRAFT) તેમજ માનવ સંચાલિત માઈક્રો લાઈટ એરક્રાફટ (MICROLIGHT AIRCRAFT), હેંગ ગ્લાઈડર / પેરાગ્લાઈડર (HANG GLIDER / PARA GLIDER), પેરા મોટર (PARAMOTOR), તેમજ હોટ એર બલુન (HOT AIR BALLOONS) તથા પેરા જમ્પીંગ (PARA JUMPING) ચલાવવાની / કરવાની મનાઈ ફરમાવુ છું.

-:: અપવાદ ::-

પોલીસ વિભાગ અને સુરક્ષાબળો ધ્વારા ઉપરોક્ત સંસાધનોના ઉપયોગ કરવા આ જાહેરનામામાંથી મુક્તિ આપું છું.

-:: વિસ્તાર ::-

બોપલ પો.સ્ટેની હદના ઉપરોકત કાર્યક્રમવાળી જગ્યા તથા તેની ચારેય બાજુના બે કિલોમીટરના એરીયા વિસ્તાર.

-:: સમયગાળો ::-

આ જાહેરનામુ તા.૨૦/૦૩/૨૦૨૫ ના સવારના ૦૮:૦૦ કલાક થી ૧૫:૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

-:: શિક્ષા ::-

આ જાહેરનામાંનો કોઈ પણ ખંડનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતા વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીના હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આજ રોજ તા.૧૯/૦૩/૨૦૨૫ ના રોજ સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ માટે બહાર પાડવામાં આવેલ છે.

વંચાણ :-

૧. ચીફ ઓફિસરશ્રી, વિરમગામ નગરપાલિકા ના તા.૧૨/૦૮/૨૦૨૪ ના પત્ર No.VRGNP/0040/08/2024

૨. પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ (ગ્રામ્ય), અમદાવાદ નો તા.૨૧/૦૯/૨૦૨૪ નો પત્ર ક્રમાંક : એલ.આઈ.બી./ભારેવાહન/જાહેરનામું/અભિપ્રાય /૩૮૧૩/૨૦૨૪

૩. અત્રેની કચેરીના તા.૧૪/૧૦/૨૦૨૪ ના પત્ર ક્રમાંક. નં.ડીસી/એમએજી/વિરમગામ સીટી વિસ્તાર/ભારે વાહન પ્રતિબંધ/જાહેરનામું/મુક્તિ/એસ. આર.નં.૧૦૦/૨૦૨૪

૪. અત્રેની કચેરીના તા.૦૨/૦૧/૨૦૨૫ ના પત્ર ક્રમાંક. નં.ડીસી/એમએજી/વિરમગામ સીટી વિસ્તાર/ભારે વાહન પ્રતિબંધ/જાહેરનામું/મુક્તિ/એસ. આર.નં.૦૨/૨૦૨૫

હુકમ :-

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનો.

નં.ડીસી/એમએજી/વિરમગામ સીટી વિસ્તાર/ભારે વાહન પ્રતિબંધ/જાહેરનામું/એસ.આર.નં.૫૨/૨૦૨૫ આમુખ-૧ ની વિગતે વિરમગામ નગરપાલિકાના સામાન્ય સભા ઠરાવ નં-૧૩, તા.૧૨/૦૭/૨૦૨૪ થી શહેરના સીટી વિસ્તારોમાં ભારે વાહનોના પ્રતિબંધ માટે દરખાસ્ત કરવા ઠરાવેલ છે. શહેરના સીટી વિસ્તારમાં ટ્રાફિક તેમજ અકસ્માત બનાવો ન બને તે માટે નગરપાલિકાના ઠરાવ અનુસાર જાહેરનામુ પ્રસિધ્ધ કરવા જણાવેલ છે.

આમુખ-૨ થી પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ (ગ્રામ્ય), અમદાવાદ દ્વારા વિરમગામ સીટીના (૧) રૈયાપુર ત્રણ રસ્તાથી, ભરવાડી દરવાજા, વિરમગામ કોર્ટ, બાબા સાહેબ આંબેડકર રેલવે ઓવરબ્રિજ થઈ પંચમુખી સર્કલ સુધી તથા (૨) ગંગાનગર ત્રણ રસ્તા, રાજીવનગર બાય પાસ, મુનસર થઈ તાલુકા સેવા સદન સુધી તથા (૩) નગરપાલિકા કચેરી, ગોલવાડી દરવાજા થઈ ભરવાડી દરવાજા સુધી તથા (૪) ગોલવાડી દરવાજા થી રેલવે સ્ટેશન સુધી તથા (૫) માંડલ ભજીયા (દિનેશ ફરસાણ) થી નીલકી રેલવે ઓવરબ્રિજ (બાબા સાહેબ આંબેડકર રેલવે ઓવરબ્રિજ) સુધી તથા (૬) જુની મીલની ચાલી થી ભરવાડી દરવાજા અને જુની મીલની ચાલી થી કોર્ટ સુધી આ કુલ ૦૬ માર્ગો ઉપર સવારના ૦૭/૦૦ થી રાત્રીના કલાક ૨૨/૦૦ સુધી ભારે - વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ જાહેર કરવા અને જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે. જેથી વિરમગામ સીટી વિસ્તારમાં ટ્રાફિક અકસ્માત ના બનાવો ના બને તે માટે ભારે વાહનોના પ્રવેશવા ઉપર પ્રતિબંધ ફરમાવવો ઉચિત જાણતો હોય નીચે મુજબનો હુકમ કરવો આવશ્યક જણાય છે.

આમુખ-૩ થી એક્યુલાઈફ હેલ્થકેર, ગામ-સચાણા, તા.વિરમગામ ની ૦૬ સ્ટાફ બસને સરદહુ જાહેરનામા માંથી મુક્તિ આપવામાં આવેલ છે.

આમુખ-૪ થી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ વિરમગામ ખાતે કૃષિ પેદાશ લેવા વેચવા માટે આવતા ભારે વાહનોને ગંગાસર ત્રણ રસ્તાથી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ વિરમગામ સુધી છૂટછાટ આપવામાં આવેલ છે.

સબબ હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી વિરમગામ સીટીના ઉપરોક્ત સ્થળો ઉપર ભારે વાહનોના પ્રવેશબંધીનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા આથી નીચે મુજબ હુકમ કરું છું.

-:જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર:-

વિરમગામ સીટીના (૧) રૈયાપુર ત્રણ રસ્તાથી, ભરવાડી દરવાજા, વિરમગામ કોર્ટ, બાબા સાહેબ આંબેડકર રેલવે ઓવરબ્રિજ થઈ પંચમુખી સર્કલ સુધી તથા (૨) ગંગાનગર ત્રણ રસ્તા, રાજીવનગર બાય પાસ, મુનસર થઈ તાલુકા સેવાસદન સુધી તથા (૩) નગરપાલિકા કચેરી, ગોલવાડી દરવાજા થઈ ભરવાડી દરવાજા સુધી તથા (૪) ગોલવાડી દરવાજાથી રેલવે સ્ટેશન સુધી તથા (૫) માંડલ ભજીયા (દિનેશ ફરસાણ) થી નીલકી રેલવે ઓવરબ્રિજ (બાબા સાહેબ આંબેડકર રેલવે ઓવરબ્રિજ) સુધી તથા (૬) જુની મીલની ચાલીથી ભરવાડી દરવાજા અને જુની મીલની ચાલીથી કોર્ટ સુધી

-:જાહેરનામા મુજબ પ્રતિબંધિત કૃત્યો:-

ઉપરોક્ત પ્રતિબંધિત વિસ્તારોમાં તમામ પ્રકારના મોટા/ભારે ફોરવ્હિલ વાહનો અને તેનાથી વધુ વ્હિલવાળા વાહનો જેવા કે મીની ટેમ્પો, ટેમ્પો, મીની ટ્રક, ટ્રકોને પ્રવેશવા ઉપર પ્રતિબંધ ફરમાવવા હુકમ કરવામાં આવે છે.

-:જાહેરનામા મુજબ અપવાદ:-

ઉપરોક્ત પ્રતિબંધિત વિસ્તારોમાં સરકારી વાહનો/ સરકારી કામેપ રોકાયેલ વાહનો, આકસ્મિક સંજોગોને પહોંચી વળવા ઉપયોગ માં લેવાતા વાહનો જેવા કે એમ્બુલન્સ, અગ્નિશામક વાહન તેમજ ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા ના ભારે વાહનો કે જે સરકારશ્રી ની વિવિધ પોષણલક્ષી યોજનાઓ જેવી કે મધ્યાહન ભોજન યોજના, એ.પી.એલ/ બી.પી.એલ/ અંત્યોદયકાર્ડ ધારકો તેમજ અન્ય યોજનાઓમાં વિતરણ કરવાનું અનાજના ટ્રાન્સપોર્ટેશન માટે ઉપયોગમાં લેવાતા ભારે વાહનો, એક્યુલાઈફ હેલ્થકેર, ગામ-સચાણા, તા.વિરમગામ ની આમુખ-૩ થી મુક્તિ આપેલ ૦૬ સ્ટાફ બસો ઉપર પ્રતિબંધ લાગુ પડશે નહીં. તેમજ આમુખ-૪ થી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ વિરમગામ ખાતે કૃષિ પેદાશ લેવા વેચવા માટે આવતા ભારે વાહનોને ગંગાસર ત્રણ રસ્તાથી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ વિરમગામ સુધી છૂટછાટ આપવામાં આવેલ છે.

-:જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો:-

આ હુકમ તા.૨૧/૦૩/૨૦૨૫ થી તા.૨૦/૦૫/૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે દરરોજ સવારના ૦૭:૦૦ કલાકથી રાત્રીના ૨૨:૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

-:જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ:-

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજા/દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ (ગ્રામ્ય) વિસ્તારમાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૯/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

વંચાણે લીધું:-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ (ગ્રામ્ય)ની કચેરીના પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના પત્ર ક્રમાંક:એલ.આઈ.બી./પરીક્ષા જાહેરનામું/૨૧૮૩/૨૦૨૫ તા.૧૯/૦૩/૨૦૨૫

જાહેરનામું:-

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયેનો.

નં.ડીસી/એમએજી/જાહેરનામું/પરીક્ષા/એસ.આર.૫૪/૨૦૨૫.–આમુખ-(૧) ના પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના તા.૧૯/૦૩/૨૦૨૫ના પત્રથી જણાવ્યા મુજબ, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તા.૨૯/૦૩/૨૦૨૫ ના રોજ બપોરે ૧૦:૩૦ થી ૦૧:૦૦ તથા ૧૫:૦૦ થી ૧૭:૩૦ કલાક દરમિયાન અમદાવાદ (ગ્રામ્ય) વિસ્તારના જુદા-જુદા કેન્દ્રો ખાતે જ્ઞાન સાધના પરીક્ષા લેવામાં આવનાર છે. આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઇ રહે અને પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી શાંત અને સૌહાદપુર્ણ વાતાવરણમાં ગેરરીતી કર્યા વગર તેમજ કોઇપણ પ્રકારના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપી શકે તે માટે પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હદ સિવાયના સમગ્ર અમદાવાદ જીલ્લાના મહેસુલી વિસ્તારમાં ઉક્ત પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૨૦૦ મીટરની ત્રીજ્યાના વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ કેન્દ્રો/દુકાનો બંધ રાખવા, પરીક્ષા સ્થળોની આજુબાજુ મોટા મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા ઉપર તથા સક્ષમ અધિકારી સિવાયના તમામ માટે મોબાઇલ અને અન્ય ઇલેકટ્રોનીક મિડીયા / વિજાણુ ઉપકરણ લઇ જવા પર પ્રતિબંધ ફરમાવવા તેમજ પરીક્ષા કેન્દ્રની આજુબાજુના ૧૦૦ મીટરની ત્રીજયાના વિસ્તારને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરી નીચે મુજબના કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવવાનુ પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩થી મને મળેલ અધિકારની રૂઇએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હદ સિવાયના સમગ્ર અમદાવાદ જીલ્લાના મહેસુલી વિસ્તારમાં નીચેના કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવુ છું.

પ્રતિબંધિત વિસ્તાર:

(૧) પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રીજ્યામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ/વિસ્તાર

(૨) ઝેરોક્ષ કેન્દ્રો/દુકાનો માટે પરીક્ષા કેન્દ્રની ચોતરફ ૨૦૦ મીટરની ત્રીજ્યાનો વિસ્તાર

પ્રતિબંધિત કૃત્યો:

(૧) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબધિત કામગીરીમાં રોકાયેલ ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઇપણ બિનધિકૃત માણસોએ પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવા ઉપર

(૨) પરીક્ષા સ્થળે ઇલેક્ટ્રોનીક આઇટમ જેવી કે મોબાઇલ ફોન, પેજર, ઇલેક્ટ્રીક ડાયરી, સ્માર્ટ વોચ, ઇયરફોન કે અન્ય ઇલેક્ટ્રોનીક ઉપકરણો લઇ દાખલ થવા ઉપર

(૩) પરીક્ષાર્થીઓની શાંતી અને લેખનકાર્યમાં અડચણ, વિશેષ ધ્યાનભંગ થાય તેવુ કોઇપણ કૃત્ય કરવા/કરાવવા ઉપર

(૪) પરીક્ષા સ્થળે ચોરી કરવા/કરાવવાના હેતુથી પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલો લઇ જવા ઉપર

(૫) પ્રતિબંધીત વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ નકલ કરવાના કેન્દ્રો/દુકાનો પર ઝેરોક્ષ મશીન, ફેક્સ મશીન પરીક્ષા સમયે ચાલુ કરવા/કરાવવા ઉપર

(૬) પરીક્ષા સ્થળે કોઇપણ પ્રકારનુ હથિયાર લઇ દાખલ થવા ઉપર

(૭) પરીક્ષા સ્થળની આસપાસના પ્રતિબંધીત વિસ્તારમાં આવેલ પાનબીડીના ગલ્લા તથા ચા-પાણીના કેન્દ્રો પરીક્ષા સમય દરમ્યાન ચાલુ કરવા/કરાવવા ઉપર

(૮) પ્રતિબંધીત વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસોએ એકઠા થવા ઉપર

(૯) પ્રતિબંધીત વિસ્તારમાં જાહેર વાહન વ્યવહાર અવરોધાય તે રીતે વાહનો ઉભા રાખવા કે પાર્ક કરવા/કરાવવા ઉપર

(૧૦) પરીક્ષા સ્થળો પર ગેરરીતી થાય તેવું કોઈપણ સાધન અથવા વસ્તુ લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવા

(૧૧) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ ફરમાવવા

અપવાદ

આ હુકમ ફરજ પરના પોલીસદળ / હોમગાર્ડના કર્મચારીઓ / અધિકારીઓ તથા પરીક્ષાના અનુસંધાને ફરજ ઉપર બોલાવેલ કર્મચારી / અધિકારીશ્રીઓને લાગુ પડશે નહી.

સમયગાળો

આ હુકમ તા.૨૯/૦૩/૨૦૨૫ ના રોજ સવારના ૦૯:૩૦ કલાક થી સાંજના ૧૮:૩૦ કલાક સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ – ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વ્યે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેકટર સુધીનાં હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિત,૨૦૨૩ ની કલમ – ૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ – ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આજ તા.૨૬/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

વંચાણે લીધું:-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ (ગ્રામ્ય)ની કચેરીના પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના પત્ર ક્રમાંક:એલ.આઈ.બી./ JOINT ENTRANCE EXAMINATION (MAIN) 2025 SESSION 2/ પરીક્ષા/ જાહેરનામુ/ ૨૩૪૪/૨૦૨૫, તા.૨૬/૦૩/૨૦૨૫

જાહેરનામું:-

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે.

નં.ડીસી/એમએજી/જાહેરનામું/પરીક્ષા/એસ.આર.૫૫/૨૦૨૫.–આમુખ-(૧) ના પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના તા.૨૬/૦૩/૨૦૨૫ના પત્રથી જણાવ્યા મુજબ, રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી નવી દિલ્હી દ્વારા આગામી તા.૦૨/૦૪/૨૦૨૫ થી તા.૦૪/૦૪/૨૦૨૫ અને તા.૦૭/૦૪/૨૦૨૫ થી તા.૦૯/૦૪/૨૦૨૫ દરમ્યાન JOINT ENTRANCE EXAMINATION (MAIN) 2025 SESSION 2 પરીક્ષા અત્રેના અમદાવાદ ગ્રામ્ય જીલ્લાના બોપલ પો.સ્ટે.ની હદમાં આવેલ ION Digital Zone IDZ Bopal હોલમાર્ક ઈન્ફોટેક, તુલીપ ઈન્ટરનેશનલ સ્કુલ સામે, સ્ટરલીંગ સીટી બોપલ ખાતે યોજાનાર છે. આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રની આસપાસના વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઇ રહે અને પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી શાંત અને સૌહાદપુર્ણ વાતાવરણમાં ગેરરીતી કર્યા વગર તેમજ કોઈપણ પ્રકારના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપી શકે તે માટે પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હદ સિવાયના બોપલ પો.સ્ટે.ની હદમાં આવેલ ઉક્ત પરીક્ષા કેન્દ્રની આજુબાજુના ૨૦૦ મીટરની ત્રીજ્યાના વિસ્તારમાં આવેલ સાયબર કાફે, ફોટોકોપી, પ્રિન્ટીંગની દુકાનો બંધ રાખવા, પરીક્ષા સ્થળોની આજુબાજુ મોટા મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા ઉપર તથા સક્ષમ અધિકારી સિવાયના તમામ માટે મોબાઈલ અને અન્ય ઈલેકટ્રોનીક મિડીયા / વિજાણુ ઉપકરણ લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવા તેમજ પરીક્ષા કેન્દ્રની આજુબાજુના ૧૦૦ મીટરની ત્રીજયાના વિસ્તારને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરી નીચે મુજબના કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવવાનુ પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩થી મને મળેલ અધિકારની રૂઇએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હદ સિવાયના સમગ્ર અમદાવાદ જીલ્લાના મહેસુલી વિસ્તારમાં નીચેના કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવુ છું.

પ્રતિબંધિત વિસ્તાર:

(૧) પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રીજ્યામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ/વિસ્તાર

(૨) સાયબર કાફે, ફોટોકોપી, પ્રિન્ટીંગની દુકાન માટે પરીક્ષા કેન્દ્રની ચોતરફ ૨૦૦ મીટરની ત્રીજ્યાનો વિસ્તાર

પ્રતિબંધિત કૃત્યો:

(૧) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબધિત કામગીરીમાં રોકાયેલ ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈપણ બિનધિકૃત માણસોએ પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવા ઉપર

(૨) પરીક્ષા સ્થળે ઈલેક્ટ્રોનીક આઈટમ જેવી કે મોબાઈલ ફોન, પેજર, ઈલેક્ટ્રીક ડાયરી, સ્માર્ટ વોચ, ઈયરફોન કે અન્ય ઈલેક્ટ્રોનીક ઉપકરણો લઈ દાખલ થવા ઉપર

(૩) પરીક્ષાર્થીઓની શાંતી અને લેખનકાર્યમાં અડચણ, વિશેષ ધ્યાનભંગ થાય તેવુ કોઈપણ કૃત્ય કરવા/કરાવવા ઉપર

(૪) પરીક્ષા સ્થળે ચોરી કરવા/કરાવવાના હેતુથી પુસ્તક, કાપલીઓ, નકલો લઈ જવા ઉપર

(૫) પ્રતિબંધીત વિસ્તારમાં આવેલ નકલ કરવાના કેન્દ્રો/દુકાનો પર ફોટોકોપી/પ્રિન્ટીંગ મશીન, ફેક્સ મશીન પરીક્ષા સમયે ચાલુ કરવા/કરાવવા ઉપર

(૬) પરીક્ષા સ્થળે કોઈપણ પ્રકારનુ હથિયાર લઈ દાખલ થવા ઉપર

(૭) પરીક્ષા સ્થળની આસપાસના પ્રતિબંધીત વિસ્તારમાં આવેલ પાનબીડીના ગલ્લા તથા ચા-પાણીના કેન્દ્રો પરીક્ષા સમય દરમ્યાન ચાલુ કરવા/કરાવવા ઉપર

(૮) પ્રતિબંધીત વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસોએ એકઠા થવા ઉપર

(૯) પ્રતિબંધીત વિસ્તારમાં જાહેર વાહન વ્યવહાર અવરોધાય તે રીતે વાહનો ઉભા રાખવા કે પાર્ક કરવા/કરાવવા ઉપર

(૧૦) પરીક્ષા સ્થળો પર ગેરરીતી થાય તેવું કોઈપણ સાધન અથવા વસ્તુ લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવા

(૧૧) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ ફરમાવવા

અપવાદ

આ હુકમ ફરજ પરના પોલીસદળ / હોમગાર્ડના કર્મચારીઓ / અધિકારીઓ તથા પરીક્ષાના અનુસંધાને ફરજ ઉપર બોલાવેલ કર્મચારી / અધિકારીશ્રીઓને લાગુ પડશે નહી.

સમયગાળો

આ હુકમ નીચે મુજબની તારીખ માટે જણાવેલ પ્રતિબંધિત સમયગાળા સુધી અમલમાં રહેશે.

તારીખ	પ્રતિબંધિત સમયગાળો
તા.૦૨/૦૪/૨૦૨૫ થી તા.૦૪/૦૪/૨૦૨૫ અને તા.૦૭/૦૪/૨૦૨૫	સવારના ૦૮:૦૦ થી સાંજના ૦૭:૦૦ કલાક સુધી
તા.૦૮/૦૪/૨૦૨૫	બપોરના ૦૨:૦૦ થી સાંજના ૦૭:૦૦ કલાક સુધી
તા.૦૯/૦૪/૨૦૨૫	સવારના ૦૮:૦૦ થી બપોરના ૦૧:૦૦ કલાક સુધી

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વ્યે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેકટર સુધીનાં હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિત,૨૦૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ - ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આજ તા.૨૬/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

-: જાહેરનામુ :-

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે.

નં.ડીસી/એમએજી-૧/જાહેરનામાં/PATHIK/એસ.આર.૫૮/૨૦૨૫.–પોલીસ ધ્વારા તૈયાર કરવામાં આવેલ PATHIK (Programe for Analysis of Traveller & Hotel Informatiks) હોટલ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા વગેરેના માલિકોએ તેમના ઈન્ટરનેટ કનેકટીવીટી વાળા કોમ્પ્યુટરમાં ઈન્સ્ટોલ કરાવી ગ્રાહક રજીસ્ટરમાં થતી એન્ટ્રી આ PATHIK સોફટવેરમાં કરવા બાબતની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડવા જણાવેલ છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજીસ્ટેટ, અમદાવાદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ - ૧૬૩ થી મળેલ સત્તાની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હુકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં નીચે મુજબની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડી હુકમ કરૂ છુ.

- હોટલ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા વગેરેના ના માલિકે ગ્રાહકની રજીસ્ટર એન્ટ્રીની સાથે દરેક હોટલે પોતાના રીસેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેકટીવીટી સાથેનુ એક કોમ્પ્યુટર રાખવુ જેમાં પોલીસ ધ્વારા તૈયાર કરવામાં આવેલ PATHIK (Programe for Analysis of Traveller & Hotel Informatiks) ઈન્સ્ટોલ કરાવી રજીસ્ટરમાં થતી એન્ટ્રી આ PATHIK સોફટવેરમાં પણ કરવાની રહેશે.

-: વિસ્તાર :-

પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર ની હુકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર

-: શિક્ષા :-

આ જાહેરનામાનાં કોઈપણ ખંડનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

-: સમયગાળો :-

આ જાહેરનામું આજ તા.૩૧/૦૩/૨૦૨૫ ના ૦૦.૦૦ કલાકથી તા.૨૯/૦૫/૨૦૨૫ ના ૨૪.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતા વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીના દરજજાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીના હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૯/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની માટે બહાર પાડવામાં આવેલ છે.

બી. આર. સાગર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

જાહેરનામું

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયેનું. ::

નં.એમએજી/પરીક્ષા/વશી.૨૫૪૨ થી ૨૫૬૬/૨૦૨૫.–રાજય પરીક્ષા શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આયોજીત મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા-૨૦૨૫ ની પરીક્ષા તા.૧૨/૦૪/૨૦૨૫ ના રોજ સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નીચે મુજબના પરીક્ષા કેન્દ્રો ઉપર (સ્કુલ/ હાઈસ્કુલો) માં લેવામાં આવનાર છે. જેથી સદરહું પરીક્ષાઓનું સરળ અને સુચારૂ સંચાલન થાય, જાહેર પરીક્ષાની ગુણવત્તા અને વિશ્વસનીયતા જળવાઈ રહે, વિદ્યાર્થીઓ શાંત અને સ્વસ્થ ચિત્તે પરીક્ષાઓ આપી શકે તેમજ સદરહું પરીક્ષાઓ નિર્ભય રીતે મુક્ત વાતાવરણમાં યોજાય તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર પરીક્ષાના સમય દરમ્યાન અત્રેના કાર્યક્ષેત્ર હેઠળ આવતા તમામ પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં કેન્દ્રોથી ૧૦૦ મીટરનાં ઘેરાવાનાં વિસ્તારમાં ચાર કે ચારથી વધુ વ્યક્તિઓ ભેગા થવાની, સભા ભરવાની કે સરઘસ કાઢાવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું વિજય રબારી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, સુરત ગ્રામ્યમાં પરીક્ષા કેન્દ્રોના ૧૦૦ મીટરના વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું કે,

:: પ્રતિબંધિત કૃત્યોની યાદી ::

(૧) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રિજ્યા અંદર ચાર કરતા વધુ વ્યક્તિઓને એકત્ર થવા, સભા ભરવા કે સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ.

(૨) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રિજ્યા અંદર ઝેરોક્ષ સેન્ટર પરીક્ષા દરમ્યાન ચાલુ રાખવા પર પ્રતિબંધ.

(૩) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રિજ્યા અંદર વાહનો ઉભા રાખવા પર પ્રતિબંધ.

(૪) પરીક્ષા કેન્દ્રના બિલ્ડીંગમાં કોઈપણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈપણ કર્મચારીઓ (સરકારી પ્રતિનિધિ સિવાય) મોબાઈલ ફોન, ઈલેકટ્રોનિક્સ ડિવાઈસ અથવા કોમ્યુનિકેશન ડિવાઈસ કે સિસ્ટમ રાખવા / લાવવા લઈ જવા પર પ્રતિબંધ.

:: પ્રતિબંધિત વિસ્તાર ::

જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળની(પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) નીચે મુજબની સુરત ગ્રામ્યની સ્કુલો/ હાઈસ્કુલોમાં નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્રો તથા આસપાસનો ૧૦૦ મીટરનો વિસ્તાર.

મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા કેન્દ્રોની વિગત દર્શાવતું પત્રક

SR No	Taluka	Exam Center Name	Exam Center Address
1	BARDOLI	MADRESA HIGH & HIGHER SECONDARY SCHOOL UNIT-1	C/O.MADRESA HIGH SCHOOL M.G. ROAD AT.& TAL. BARDOLI DI-SURAT
2	BARDOLI	SHRI M K PATEL MADHYAMIK SHALA	AT&PO. MADHI, TAL-BARDOLI, DIST - SURAT
3	BARDOLI	B.A.B.S. HIGH SCHOOL UNIT-1	LIMDA CHOWK,BARDOLI, TA-BARDOLI, DIST - SURAT
4	BARDOLI	N B PATEL S.V SARAVJANIK HIGH SCHOOL SARBHON	SARBHON TAL - BARDOLI DIST - SURAT
5	BARDOLI	THE KADOD HIGH SCHOOL	KADOD TAL BARDOLI,DIST - SURAT
6	BARDOLI	B.A.B.S. HIGH SCHOOL UNIT-2	LIMDA CHOWK,BARDOLI, TA-BARDOLI, DIST - SURAT
7	BARDOLI	VARAD SARVAJANIK HIGH SCHOOL	AT & POST. RAYAM, TA. BARDOLI, DIST. SURAT
8	BARDOLI	MADRESA HIGH & HIGHER SECONDARY SCHOOL UNIT-2	C/O.MADRESA HIGH SCHOOL M.G. ROAD AT.& TAL. BARDOLI DI-SURAT
9	KAMREJ	THE K.V.CO.OP & C.J.BHAKTA & D.C.BHAKTA SEC.SCHOOL (RAMKABIR) UNIT-1	KAMREJ DIST-SURAT KAMREJ CHAR RASTA, NAVAGAM, COLLEGE CAMPUS DIST - SURAT
10	KAMREJ	DR.A.M.MOOLLA HIGH SCHOOL	KATHOR TAL-KAMREJ DIST - SURAT
11	KAMREJ	SHRI V.D. GALIYARA VIDHYALAYA,	AT & PO:KATHOR, TA- KAMREJ DIST - SURAT
12	KAMREJ	PATEL RAMANBHAI SARVAJANIK VIDYALAYA	AT PO ORNA TA KAMREJ DIST - SURAT
13	KAMREJ	SHRI J P PATEL & K V K M HIGH SCHOOL	KAMREJ DIST-SURAT
14	KAMREJ	SHREE VASISHTHA VIDHYALAYA	N.H NO-8,AT PO:VAV TAL:KAMREJ DIST-SURAT
15	MAHUVA	G H BHAKTA SARVAJANIK HIGH SCHOOL,MAHUVA	AT PO: MAHUVA, DIST - SURAT
16	MAHUVA	SHREE K L PATEL & SHRI V. M. M. SARVAJANIK HIGH SCHOOL	ANAVAL TA MAHUVA DIST - SURAT PIN 396510
17	MAHUVA	B B SARVAJANIK HIGH SCHOOL UNIT-1	KARCHELIA TAL MAHUVA DIST - SURAT
18	MAHUVA	B B SARVAJANIK HIGH SCHOOL UNIT-2	KARCHELIA TAL MAHUVA DIST - SURAT

SR No	Taluka	Exam Center Name	Exam Center Address
19	MAHUVA	DHANGAURI SARVAJANIK VIDHYALAYA VALVADA	AT & POST-VALVADA TA-MAHUVA DIST-SURAT
20	MANDAVI	BHAVDARSHAN VIDHYALAY	AT.BORI(RAJPOOT) PO-KASHAL TA-MANDVI DIST-SURAT
21	MANDAVI	JAGRUTI U B VIDYALAYA,ARETH UNIT-1	ARETH VIA: KIM TA- MANDVI DIST - SURAT
22	MANDAVI	THE MANDVI HIGH SCHOOL MANDVI UNIT-1	AT PO MANDVI DIST. SURAT
23	MANDAVI	SHREE SUKHANAND UTTAR BUNIYADI VIDYALAYA BALETHI	VIA: ZANKHVAV TAL MANDVI DIST - SURAT
24	MANDAVI	GNANDEEP HIGH SCHOOL GAMTALAVKHURD UNIT-1	PO:FULWADI TAL MANDVI DIST - SURAT
25	MANDAVI	JAGRUTI U B VIDYALAYA,ARETH UNIT-2	ARETH VIA: KIM TA- MANDVI DIST - SURAT
26	MANDAVI	H.M.Y.KOTWAL SARVAJANIK HIGH SCHOOL	AT PO BODHAN, SURAT MAIN ROAD TA MANDVI DIST - SURAT
27	MANDAVI	THE MANDVI HIGH SCHOOL MANDVI UNIT-2	AT PO MANDVI DIST. SURAT
28	MANDAVI	GNANDEEP HIGH SCHOOL GAMTALAVKHURD UNIT-2	PO:FULWADI TAL MANDVI DIST - SURAT
29	MANDAVI	TAPASVI VIDHYA SANKUL UNIT-I	MANDAVI,MADHI ROAD,TARSADABAR,TA-MANDAVI,DIST-SURAT
30	MANGROL	HAJI A.M.MOTALA SARVAJANIK HIGH SCHOOL	JUNA KOSAMBA TA-MANGROL DIS-SURAT
31	MANGROL	SHREE V S PATEL HIGH SCHOOL UNIT-1	TARSADI, KOSAMBA(R S), TAL:-MANGROL, DIST:- SURAT
32	MANGROL	SALEHJI PATEL MADRESSA HIGH SCHOOL UNIT-1	MOTAMIYA, MANGROL TA-MANGROL DIST-SURAT
33	MANGROL	SALEHJI PATEL MADRESSA HIGH SCHOOL UNIT-2	MOTAMIYA, MANGROL TA-MANGROL DIST-SURAT
34	MANGROL	SHRI N D DESAI SARVAJANIK HIGH SCHOOL VANKAL	AT/PO VANKAL (W.R.) TA MANGROL DI-SURAT
35	MANGROL	P.K. DESAI VIDYALAYA, KIM U2	STATION ROAD,KIM,TAL-OLPAD DIST - SURAT
36	MANGROL	S.P. MADRESSA GIRL'S HIGH SCHOOL	MANGROL TA- MANGROL DIST - SURAT
37	MANGROL	SHANTI NIKETAN HIGH SCHOOL ZANKHVAV UNIT 1	ZANKHVAV DIST-SURAT
38	OLPAD	MAHADEV SHASTRI VIDHYALAYA UNIT-1	OLPAD TA OLPAD DIST - SURAT
39	OLPAD	P.K. DESAI VIDYALAYA, KIM	STATION ROAD,KIM,TAL-OLPAD DIST - SURAT
40	OLPAD	MAHADEV SHASTRI VIDHYALAYA UNIT-2	OLPAD TA OLPAD DIST - SURAT
41	OLPAD	D.R.G.D SARVAJANIK VIDYALAYA SAYAN, UNIT 2	AT- SAYAN,TA-OLPAD, DI-SURAT
42	OLPAD	D.R.G.D SARVAJANIK VIDYALAYA SAYAN, UNIT 1	AT- SAYAN,TA-OLPAD, DI-SURAT
43	PALASANA	SARDAR PATEL VIDYALAYA ENA	AT & PO: PALSANA , DIST - SURAT
44	PALASANA	KALYANJI MEHTA VIDYALAYA,CHALTHAN	TAL PALSANA DIST - SURAT

SR No	Taluka	Exam Center Name	Exam Center Address
45	PALASANA	ST MARKS HIGH SCHOOL	N.H.NO-8 KADODARA KAMREJ ROAD KADODARA CHAR RASTA AT & PO KADODARA,TAL PALSANA DIST - SURAT
46	PALASANA	SHRI D B HIGH SCHOOL	AT & PO: PALSANA , DIST - SURAT
47	UMARPADA	SHREE SUKHANAND UTTAR BUNIYADI VIDYALAYA BALETHI U2	VIA: ZANKHVAV TAL MANDVI DIST - SURAT
48	UMARPADA	ADARSH NIVASHI SHALA (KUMAR) SCHOOL,UMRAGOT	AT UMARGOT TA UMARPADA DIST SURAT
49	UMARPADA	SHANTI NIKETAN HIGH SCHOOL ZANKHVAV	ZANKHVAV DIST-SURAT
50	UMARPADA	VANRAJ HIGH SCHOOL	AT UMARGOT TA UMARPADA DIST SURAT
51	UMARPADA	ST. XAVIERS ENGLISH MEDIUM SCHOOL	UMARPADA TAL UMARPADA DIST - SURAT
52	UMARPADA	ADARSH NIVASHI SHALA (KANYA) SCHOOL,UMARPADA	UMARPADA TAL UMARPADA DIST - SURAT

:: અપવાદ ::

- આ હુકમ લગ્નના વરઘોડા, સીનેમા, ટાઉન હોલ, સ્મશાન યાત્રા કે પરીક્ષા વ્યવસ્થામાં ON EXAM DUTY માં સંકળાયેલ તથા પ્રાર્થના સ્થળોએ પ્રાર્થના માટે જતી બોનાફાઇડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.
- એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીની પરવાનગી મેળવીને ભરાતી સભાને લાગુ પડશે નહીં.

::અમલવારીનો સમય::

આ હુકમ તા.૧૨/૦૪/૨૦૨૫ ના ક.૦૦/૦૦ થી તા.૧૨/૦૪/૨૦૨૫ ના કલાક:૧૫/૦૦ સુધી અમલમાં રહેશે.

::શિક્ષા::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS) ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત જીલ્લા(ગ્રામ્ય)માં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજરોજ તારીખ:-૦૯/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો છે.

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયેનું.

નં.એમએજી/ટ્રાફિક ડાયવર્ઝન/વશી.૧૫૨૪ થી ૧૫૪૩/૨૦૨૫.–નાયબ કલેકટરશ્રી, બારડોલી પ્રાંત, બારડોલીના તા.૦૭/૦૧/૨૦૨૫ ના પત્રથી જણાવેલ છે કે, નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, બારડોલી (મા.અનેમ.) પેટા વિભાગ, બારડોલીના તા.૦૨/૧૨/૨૦૨૪ની દરખાસ્તથી કડોદ કોસાડી રોડ કિ.મી.૦/૦ થી ૧/૬૦૦ રસ્તા ઉપર આવેલ હાઈ લેવલ બ્રીજ અકોસ તાપી રીવરની કામગીરી શરૂ કરવામાં આવનાર હોય, સદર બ્રીજ વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત કરી, વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે. જે ધ્યાને લઈ ઉપરોક્ત બાબતે જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

સબબ તા.૨૪/૦૨/૨૦૨૫ થી તા.૩૧/૧૦/૨૦૨૫ દરમિયાન ટ્રાફિક નિયમન અંગેની કોઈ સમસ્યાઓ ઉપસ્થિત ન થાય અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે માટે ટ્રાફિક નિયમન અંગેનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું વિજય રબારી, (જી.એ.એસ.) અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત તા.૨૪/૦૨/૨૦૨૫ થી તા.૩૧/૧૦/૨૦૨૫ સુધીના સમય દરમ્યાન નીચે જણાવેલ માર્ગ બંધ કરી, તેના પરથી પસાર થતો ટ્રાફિક તેની સામે જણાવેલ વૈકલ્પિક માર્ગ પર ડાયવર્ટ કરવા આથી હુકમ કરૂં છું.

ક્રમ	વાહનનો પ્રકાર	ડાયવર્ઝનની વિગત	ડાયવર્ઝન આપેલ રૂટ
૧	ભારે વાહનો માટે	બારડોલી-કડોદ તરફથી કોસાડી-ઉમરસાડી તરફ આવતા-જતા વાહનો માટે	ઉમરસાડી-કોસાડી-ઉન-પુના રોડ થી SH-65 થઈ માંડવીથી તરસાડા-કડોદ-હરીપુરા (ટી.કે.બી.એસ.એન. રોડ, SH-88)
૨	હલકા વાહનો માટે	કડોદ-કોસાડી રોડ, કિમી ૦/૦ થી ૧/૬૦૦	કડોદ-કોસાડી રોડ, કિમી ૦/૦ થી ૧/૬૦૦, કિમી ૧.૬૦ ના સર્વિસ રોડ પરથી

ઉક્ત જણાવેલ ડાયવર્ઝન વાળી જગ્યાએ ડાયવર્ઝન રૂટ અંગેની દિશા દર્શાવતા બોર્ડ લગાવવા અંગે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, બારડોલી (મા.અને મ.) પેટા વિભાગ, બારડોલીનાઓએ નિયમાનુસાર વ્યવસ્થા કરવાની રહેશે. જો તેમ કરવામાં ચુક થશે અને કોઈ આકસ્મિક ઘટના બનશે તો તેની સમગ્ર જવાબદારી સંબંધિત વિભાગની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૪/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી સિકકા કરી આપવામાં આવેલ છે.

: જાહેરનામું ::

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયેનું. ::

નં.એમએજી/તહેવાર/વશી.૧૫૮૩ થી ૧૬૧૧/૨૦૨૫.– સુરત ગ્રામ્ય જીલ્લામાં આગામી દિવસોમાં અગત્યના ધાર્મિક તહેવારો આવતા હોય અને સુરત ગ્રામ્ય જીલ્લામાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે. અને આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે ઈચ્છનીય છે.

સબબ, હું વિજય રબારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું.

::પ્રતિબંધિત કૃત્યો::

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, ઘોડા, બંદુક, છરા, લાકડા કે લાકડી, લાઠી, શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈ પણ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓનો ફેંકવાના કે ઘકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી.

(ઘ) કોઈ શબ, આકૃતિ અથવા પુતળા દેખાડવા નહી.

(ચ) જેનાથી સુરૂચિનો અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહીં તથા તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા ચિત્રો, પત્રિકા કે પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહી બતાવવી નહી અથવા તેનો ફેલાવો કરવો નહી.

(છ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહી.

(જ) લોકોને અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બુમો પાડવી નહી, ગીતો ગાવા નહી કે વાદ્ય વગાડવું નહી.

આ હુકમ નીચે દર્શાવેલ વ્યકિત/વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિતને કે જેને ઉપરી અધિકારીએ સરકારી ફરજ બજાવવા આવું કોઈ હથિયાર લઈ જવાની આજ્ઞા આપેલ હોય.

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી સુરત, જિલ્લા પોલીસ વડાશ્રી(રૂરલ), સુરતએ અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે પોલીસ અધિકારીને તથા જેને શારીરીક અશકિતને કારણે લાકડી, લાઠી લઈ જવાની જરૂરીયાત હોય તેવી વ્યકિત/વ્યકિતઓ.

(૩) આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહી.

-:: વિસ્તાર ::-

"જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) **સમગ્ર સુરત જીલ્લા માટે**"

-:: અમલવારીનો સમય ::-

આ હુકમની અમલવારી તા.૨૪/૦૨/૨૦૨૫ થી તા.૨૮/૦૨/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

-:: શિક્ષા ::-

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજજાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૪/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયેનું. ::

નં.એમએજી/જાહેરનામું/વશી.૧૬૧૨ થી ૧૬૪૦/૨૦૨૫.–સુરત જિલ્લામાં આગામી તા.૨૬/૦૨/૨૦૨૫ના રોજ મહાશિવરાત્રી તહેવારની ઉજવણી તેમજ રેલીઓ/ધરણાઓના કાર્યક્રમ યોજવામાં આવતા હોય છે. જેથી કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી તથા જાહેર સુલેહ શાંતિ અને સલામતિ જળવાઇ રહે તે સારૂ જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લામાં કેટલાક પ્રતિબંધો ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

સબબ, હું વિજય રબારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

:: પ્રતિબંધિત કૃત્યો ::

જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લામાં પરવાનગી વગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં અને કોઈ પણ જાતની સભા-સરઘર કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

:: અપવાદ ::

આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહી.

-:: વિસ્તાર ::-

"જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) **સમગ્ર સુરત જીલ્લા માટે**"

-:: અમલવારીનો સમય ::-

આ હુકમની અમલવારી તા.૨૪/૦૨/૨૦૨૫ થી તા.૨૮/૦૨/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૩) તથા ભારતીય ન્યાય સંહિતા(BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજજાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૪/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

:: જાહેરનામું ::

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧) (બી) અન્વયેનું. ::

નં.એમએજી/LC-21/ટ્રાફિક ડાયવર્ઝન/વશી.૬૪૦૭ થી ૬૪૩૨/૨૦૨૫.–આસિસ્ટન્ટ ડિવિઝનલ ઈજનેરશ્રી, વ્યારા, મુંબઈ ડિવિઝન, વેસ્ટર્ન રેલ્વે, વ્યારાએ તેમના તા.૧૨/૧૧/૨૦૨૪ના પત્રથી જણાવેલ છે કે, રેલ્વે KM 22/24-26 ખાતે ગંગાધરા અને બારડોલી વચ્ચે જેતપુર ગામ નજીક LC-21 પર લિમિટેડ હાઈટ સબવે (LHS) નું નિર્માણ કરવા ૬(છ) માસ માટે ટ્રાફિકનુ વૈકલ્પિક ડાયવર્ઝનનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

આથી હું વિજય રબારી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે રેલ્વે KM 22/24-26 ખાતે ગંગાધરા અને બારડોલી વચ્ચે જેતપુર ગામ નજીક LC-21 પર લિમિટેડ હાઈટ સબવે (LHS) નું નિર્માણ કરવાની કામગીરી કરવાની હોય, જેથી સદર રસ્તા પરથી (બન્ને તરફના) વાહનોને તા.૩૦/૦૬/૨૦૨૫ સુધી પસાર થવા દેવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

આ સમય દરમ્યાન ડાયવર્ઝન કરેલ માર્ગ નીચે મુજબ રહેશે.

(૧) એલ.સી. નં.૨૧ રેલ્વે ક્રોસીંગની દક્ષિણ દિશાએ આશરે સાઈઠ થી સિત્તેર મીટર એક રસ્તો ગાંગપોર ગામ તરફ જાય છે. જે ગાંગપોર ગામે આવેલ રેલ્વે ક્રોસીંગ નં.૨૦નો ઉપયોગ કરવાનો રહેશે છે.

(૨) એલ.સી. નં.૨૧ રેલ્વે ક્રોસીંગની ઉત્તર દિશાએ આશરે સાઈઠ થી સિત્તેર મીટર એક રસ્તો ગાંગપોર તરફથી રસ્તો આવે છે. જે ગાંગપોર ગામે આવેલ રેલ્વે ક્રોસીંગ નં.૨૦નો ઉપયોગ કરવાનો રહેશે છે.

ઉક્ત જણાવેલ ડાયવર્ઝન વાળી જગ્યાએ ડાયવર્ઝન રૂટ અંગેની દિશા દર્શાવતા બોર્ડ લગાવવા તથા સદરહું જગ્યાએ વેસ્ટર્ન રેલ્વેના કર્મચારીઓને હાજર રાખવા બાબતે આસિસ્ટન્ટ ડિવિઝનલ ઈજનેરશ્રી, વ્યારા, મુંબઈ ડિવિઝન, વેસ્ટર્ન રેલ્વે, વ્યારા દ્વારા નિયમાનુસાર વ્યવસ્થા કરવાની રહેશે. જો તેમ કરવામાં ચુક થશે અને કોઈ આકસ્મિક ઘટના બનશે તો તેની સમગ્ર જવાબદારી સંબંધિત વિભાગની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા.૦૩/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી સિક્કા કરી આપવામાં આવેલ છે.

:: જાહેરનામું ::

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયેનું. ::

નં.એમએજી/તહેવાર/વશી.૨૩૪૮ થી ૨૩૭૬/૨૦૨૫.–સુરત ગ્રામ્ય જીલ્લામાં આગામી દિવસોમાં અગત્યના ધાર્મિક તહેવારો આવતા હોય અને સુરત ગ્રામ્ય જીલ્લામાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે. અને આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે ઈચ્છનીય છે.

સબબ, હું વિજય રબારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું.

::પ્રતિબંધિત કૃત્યો::

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, ઘોડા, બંદુક, છરા, લાકડા કે લાકડી, લાઠી, શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈ પણ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓનો ફેંકવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી.

(ઘ) કોઇ શબ, આકૃતિ અથવા પુતળા દેખાડવા નહી.

(ચ) જેનાથી સુરૂચિનો અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહીં તથા તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા ચિત્રો, પત્રિકા કે પ્લેકાર્ડ અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહી બતાવવી નહી અથવા તેનો ફેલાવો કરવો નહી.

(છ) કોઇ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવી નહી.

(જ) લોકોને અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બુમો પાડવી નહી, ગીતો ગાવા નહી કે વાદ્ય વગાડવું નહી.

આ હુકમ નીચે દર્શાવેલ વ્યકિત/વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિતને કે જેને ઉપરી અધિકારીએ સરકારી ફરજ બજાવવા આવું કોઇ હથિયાર લઇ જવાની આજ્ઞા આપેલ હોય.

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી સુરત, જિલ્લા પોલીસ વડાશ્રી(રૂરલ), સુરતએ અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે પોલીસ અધિકારીને તથા જેને શારીરીક અશકિતને કારણે લાકડી, લાઠી લઇ જવાની જરૂરીયાત હોય તેવી વ્યકિત/વ્યકિતઓ.

(૩) આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહી.

-:: વિસ્તાર ::-

"જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લા માટે"

-:: અમલવારીનો સમય ::-

આ હુકમની અમલવારી તા.૦૨/૦૪/૨૦૨૫ થી તા.૧૫/૦૪/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

-:: શિક્ષા ::-

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજજાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૦૨/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

:: જાહેરનામું ::

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયેનું. ::

નં.એમએજી/જાહેરનામું/વશી.૨૩૭૭ થી ૨૪૧૦/૨૦૨૫.–સુરત જિલ્લામાં આગામી તા.૦૬/૦૪/૨૦૨૫ના રોજ રામનવમી, તા.૧૦/૦૪/૨૦૨૫ના રોજ મહાવીર જયંતિ તેમજ તા.૧૪/૦૪/૨૦૨૫ના રોજ ડો.બાબાસાહેબ આંબેડકર તહેવારની ઉજવણી તેમજ રેલીઓ/ધરણાઓના કાર્યક્રમ યોજવામાં આવતા હોય છે. જેથી કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી તથા જાહેર સુલેહ શાંતિ અને સલામતિ જળવાઈ રહે તે સારૂ જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લામાં કેટલાક પ્રતિબંધો ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

સબબ, હું વિજય રબારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

:: પ્રતિબંધિત કૃત્યો ::

જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લામાં પરવાનગી વગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં અને કોઈ પણ જાતની સભા-સરઘર કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

:: અપવાદ ::

આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહી.

-:: વિસ્તાર ::-

"જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લા માટે"

-:: અમલવારીનો સમય ::-

આ હુકમની અમલવારી તા.૦૩/૦૪/૨૦૨૫ થી તા.૧૫/૦૪/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૩) તથા ભારતીય ન્યાય સંહિતા(BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજજાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૦૨/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો.

:: જાહેરનામું ::

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયેનું. ::

નં.એમએજી/જાહેરનામું/વશી.૧૦૫૧ થી ૧૦૭૫/૨૦૨૫.–સુરત જિલ્લામાં આગામી તા.૨૬/૦૨/૨૦૨૫ના રોજ મહાશિવરાત્રી તહેવારની ઉજવણી તેમજ રેલીઓ/ધરણાઓના કાર્યક્રમ યોજવામાં આવતા હોય છે. જેથી કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી તથા જાહેર સુલેહ શાંતિ અને સલામતિ જળવાઇ રહે તે સારૂ જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લામાં કેટલાક પ્રતિબંધો ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

સબબ, હું વિજય રબારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

:: પ્રતિબંધિત કૃત્યો ::

જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લામાં પરવાનગી વગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં અને કોઈ પણ જાતની સભા-સરઘર કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

:: અપવાદ ::

આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહી.

-:: વિસ્તાર ::-

"જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લા માટે"

-:: અમલવારીનો સમય ::-

આ હુકમની અમલવારી તા.૦૪/૦૨/૨૦૨૫ થી તા.૧૮/૦૨/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૩) તથા ભારતીય ન્યાય સંહિતા(BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજજાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૦૪/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો.

:: જાહેરનામું ::

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયેનું. ::

નં.એમએજી/તહેવાર/વશી.૧૦૩૬ થી ૧૧૦૦/૨૦૨૫.–સુરત ગ્રામ્ય જીલ્લામાં આગામી દિવસોમાં અગત્યના ધાર્મિક તહેવારો આવતા હોય અને સુરત ગ્રામ્ય જીલ્લામાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે. અને આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે ઈચ્છનીય છે.

સબબ, હું વિજય રબારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું.

::પ્રતિબંધિત કૃત્યો::

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, ધોડા, બંદુક, છરા, લાકડા કે લાકડી, લાઠી, શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈ પણ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓનો ફેંકવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી.

(ઘ) કોઈ શબ, આકૃતિ અથવા પુતળા દેખાડવા નહી.

(ચ) જેનાથી સુરૂચિનો અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહીં તથા તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા ચિત્રો, પત્રિકા કે પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહી બતાવવી નહી અથવા તેનો ફેલાવો કરવો નહી.

(છ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહી.

(જ) લોકોને અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બુમો પાડવી નહી, ગીતો ગાવા નહી કે વાદ્ય વગાડવું નહી.

આ હુકમ નીચે દર્શાવેલ વ્યકિત/વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિતને કે જેને ઉપરી અધિકારીએ સરકારી ફરજ બજાવવા આવું કોઈ હથિયાર લઈ જવાની આજ્ઞા આપેલ હોય.

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી સુરત, જિલ્લા પોલીસ વડાશ્રી(રૂરલ), સુરતએ અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે પોલીસ અધિકારીને તથા જેને શારીરીક અશકિતને કારણે લાકડી, લાઠી લઈ જવાની જરૂરીયાત હોય તેવી વ્યકિત/વ્યકિતઓ.

(૩) આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહી.

-:: વિસ્તાર ::-

"જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) **સમગ્ર સુરત જીલ્લા માટે**"

-:: અમલવારીનો સમય ::-

આ હુકમની અમલવારી તા.૦૪/૦૨/૨૦૨૫ થી તા.૧૮/૦૨/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

-:: શિક્ષા ::-

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજજાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૦૪/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

વિજય રબારી,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
સુરત.

જાહેરનામુ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.

ક્રમાંક:ફજદ/જાહેરનામું/વશી-૭૭ થી ૧૦૦/૨૦૨૫.—રાજ્ય ચુંટણી આયોગ, ગાંધીનગર દ્વારા સ્થાનિક સંસ્થાઓની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ ફેબ્રુઆરી-૨૦૨૫નો વિગતવાર કાર્યક્રમ ક્રમાંક:ઈએલસી/સી.ઓ.સી.-૩(૮)-૦૧૨૦૨૫-ક તા.૨૧/૦૧/૨૦૨૫ થી જાહેર કરવામાં આવેલ છે અને તે મુજબ અત્રેના જિલ્લામાં ૧૦-કડમાળ જિલ્લા પંચાયત મતદાર મંડળની પેટા ચૂંટણીનું મતદાન તા.૧૬/૦૨/૨૦૨૫ ના રોજ સવારના ૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી યોજાનાર છે. રાજ્ય ચુંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંક:—રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮ (૧)-૧૧૨૦૨૧-ક તા.૧૭/૧૧/૨૦૨૧ થી આપેલ સુચના મુજબ ચુંટણી જાહેર થયા પછી કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે આદર્શ આચાર સંહિતાના અમલ માટે વિવિધ પ્રતિબંધાત્મક હુકમો કરવાના રહે છે. જે મુજબ કોઈપણ કોઈપણ વ્યકિત, પ્રકાશકનું નામ, મુદ્રકનું નામ તેમજ સરનામું લખેલ ન હોય, તેવા કોઈપણ ચુંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો છાપી કે પ્રસિધ્ધ કરી શકશે નહીં અને તેમ કરવામાં આવે તો શિક્ષાને પાત્ર ગુન્હો બને છે.

વાસ્તે હું બી. બી. ચૌધરી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩(BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ કરૂ છું,

- કોઈપણ વ્યકિત કે સંસ્થા જેના પર તેના મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા ન હોય એવા ચુંટણીને લગતા ચોંપાનીયા ભીંતપત્રો છાપી કે પ્રસિધ્ધ કરી શકશે નહીં અથવા છપાવી કે પ્રસિધ્ધ કરાવી શકશે નહીં.
- કોઈપણ વ્યકિત કે સંસ્થા સદરહું ચુંટણીને લગતા કોઈપણ ચોપનીયા, ભીંતપત્રો પ્રિન્ટ કરતા પહેલા પ્રકાશક પાસેથી તેની સહીવાળા અને તેને અંગત રીતે ઓળખતી હોય, તેવી બે વ્યકિતઓની સાક્ષી સહી કરેલ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ મેળવી ત્યારબાદ જ આવા ચુંટણી સાહીત્ય છાપવાના રહેશે. અને પ્રિન્ટીંગ કરેલ સાહીત્ય ઉપર મુદ્રક તથા પ્રકાશકના પુરેપુરા નામ, સરનામા, ફોન તથા મોબાઈલ નંબર દર્શાવવાના રહેશે તેમજ પ્રિન્ટ કરવામાં આવેલ નકલોની સંખ્યા દર્શાવવાની રહેશે. હાથે નકલો કરવા સિવાય લખાણની વધુ નકલો કાઢવાની કોઈપણ પ્રક્રિયા મુદ્રણ ગણાશે અને મુદ્રકનો અર્થ તે પ્રમાણે થશે.
- મુદ્રકએ પ્રિન્ટ કરવામાં આવેલ તમામ સાહિત્યની ચાર નકલો તથા પ્રકાશક પાસેથી મેળવેલ એકરારનામાં ની એક-એક નકલ છાપકામ કર્યાના ત્રણ દિવસની અંદર સંબંધિત ચુંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને રજુ કરવાની રહેશે.
- છાપકામની કોઈપણ બાબત જે ગેરકાયદે અપરાધ પુર્વગ્રહ ઉભો કરતા અથવા ધર્મ, જાતિ, જ્ઞાતિ, સમાજ અથવા ભાષા અથવા સામાવાળાના ચરિત્ર પર જીવલેણ હુમલા જેવી વાંધાજનક બાબતો હોવી જોઈએ નહિ.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ / ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ડાંગ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

અમલવારીનો સમય

આ જાહેરનામું તા.૩૦/૦૧/૨૦૨૫ થી તા.૨૧/૦૨/૨૦૨૫ના સમય ૨૪.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

વિસ્તાર

આ જાહેરનામું ૧૦-કડમાળ જિલ્લા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ વિસ્તારને લાગુ પડશે.

આજ તા.૩૦/૦૧/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામુ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.

ક્રમાંક:ફજદ/જાહેરનામું/વશી-૧૦૧ થી ૧૨૩/૨૦૨૫.—રાજ્ય ચુંટણી આયોગ, ગાંધીનગર દ્વારા સ્થાનિક સંસ્થાઓની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ ફેબ્રુઆરી-૨૦૨૫નો વિગતવાર કાર્યક્રમ ક્રમાંક:ઈએલસી/સી.ઓ.સી.-૩(૮)-૦૧૨૦૨૫-ક તા.૨૧/૦૧/૨૦૨૫ થી જાહેર કરવામાં આવેલ છે અને તે મુજબ અત્રેના જિલ્લામાં ૧૦-કડમાળ જિલ્લા પંચાયત મતદાર મંડળની પેટા ચૂંટણીનું મતદાન તા.૧૬/૦૨/૨૦૨૫ ના રોજ સવારના ૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી યોજાનાર છે. રાજ્ય ચુંટણી આયોગ, ગાંધીનગરના આદેશના ક્રમાંક:—રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮ (૧)-૧૧૨૦૨૧-ક થી આપેલ સુચના મુજબ ચુંટણી જાહેર થયા પછી કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે આદર્શ આચાર સંહિતાના અમલ માટે વિવિધ પ્રતિબંધાત્મક હુકમો કરવાના રહે છે.

સદરહું ચૂંટણી દરમ્યાન હિંસક બનાવોમાં તેમજ કાયદો અને વ્યવસ્થાને બગાડતા કૃત્યોમાં હથીયારોનો ઉપયોગ થાય તેવી શકયતા રહે છે જેથી ચુંટણી પ્રક્રિયા દરમ્યાન હથિયારોનો ગેરકાયદેસર રીતે ઉપયોગ ન થાય તે માટે ડાંગ જિલ્લાના વિસ્તારમાં હથિયારો સાથે હરવા ફરવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે. તેમજ ડાંગ જિલ્લામાં જે લોકોએ હથિયાર પરવાના મેળવેલ હોય તેવા હથિયારનો ઉપયોગ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન ન કરી શકે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય તેવી કાર્યવાહી કરવાની મને જરૂર જણાય છે.

વાસ્તે હું બી. બી. ચૌધરી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩(BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ કરૂ છું,

(૧) કોઈપણ વ્યકિતએ શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની વ્યાખ્યામાં આવતું કોઈપણ હથિયાર ધારણ કરવું નહીં અથવા આવા હથિયાર સાથે હરવું ફરવું નહીં.

(૨) ડાંગ જિલ્લામાંથી કે બહારના જિલ્લામાંથી મેળવેલ પરવાના ધારણ કરનાર વ્યકિતઓએ સમગ્ર ડાંગ જિલ્લાના વિસ્તારમાં વસવાટ કરતા હોય તો તેઓએ પણ હથિયાર/હથિયારો ધારણ કરવા નહી. અથવા હથિયાર/હથિયારો સાથે જાહેરમાં હરવું ફરવું નહીં તેમજ આ આદેશ ડાંગ જિલ્લામાં રહેતા અને ડાંગ જિલ્લાની મુલાકાતે આવેલ તમામ હથિયાર પરવાના ધારકોને પણ લાગુ પડશે.

(૩) આર્મ્સ એકટ હેઠળ મંજુર કરવામાં આવેલ પરવાના વાળા દરેક પ્રકારના હથિયાર કે હથિયારો તાત્કાલીક અસરથી જે-તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાના રહેશે. સંબંધકર્તા પોલીસ સ્ટેશનોએ તથા પોલીસ હેડક્વાર્ટરે સંબંધિત પોલીસ સ્ટેશનના વિસ્તારમાં રહેતા હથિયાર પરવાનો ધરાવતા વ્યક્તિઓએ હથિયાર કે હથિયારો જમા કરાવવામાં આવે તે માટે પગલા લેવા તેમજ તમામ હથિયારો જમા થઈ ગયા અંગેની જાણ અત્રેની કચેરીને કરવાની રહેશે.

(૪) જે હથિયાર પરવાનાઓની મુદત પૂર્ણ થઈ ગયેલ હોય અને રીન્યુઅલ અર્થે અત્રેની કચેરીમાં રજૂ કરેલ હોય તેવા હથિયાર પરવાના હેઠળના હથિયારો પરવાનાની ઝેરોક્ષ નકલ, રીન્યુ અરજી રજૂ કર્યાની આ કચેરીની કોમ્પ્યુટરાઈઝડ પહોંચ કે જેમાં સહીની જરૂર રહેતી નથી તેવી પહોંચ તથા રીન્યુ ફી ભર્યા અંગેના ચલણની નકલની ખરાઈ કરી જમા લેવાના રહેશે અને તેવી જ રીતે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયે પરત સોંપવાના રહેશે.

અપવાદ

આ હુકમ નીચે મુજબના વ્યકિતઓને લાગુ પડશે નહીં.

ઉપરોક્ત ક્રમાંક નં. (૧) થી (૪) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી પર કામકાજ કરતી કોઈ વ્યક્તિ તેની ફરજના ભાગરૂપે તેના ઉપરી અધિકારીએ આવું કોઈ પણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું હથિયાર લઈ જવાની ફરજ હોય તે વ્યક્તિઓને.

(૨) રાષ્ટ્રિયકૃત તેમજ સહકારી બેંકો અને સેન્ટ્રલ ગવર્મેન્ટ તેમજ રાજ્ય સરકારના જાહેર સાહસોની સુરક્ષા અર્થે રાખેલ સીકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા ગાર્ડને (વ્યકિતઓને) કામકાજ ના સમય દરમ્યાન હથિયાર સુરક્ષા અર્થે રાખવાની છુટ રહેશે.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિક્ષકશ્રીએ અધિકૃત કરેલ તેવી બીજી કોઈ વ્યક્તિઓને.

(૪) નેશનલ રાયફલ એસોસીયેશનના રમતવીરો.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ / ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ડાંગ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

અમલવારીનો સમય

આ જાહેરનામું તા.૩૦/૦૧/૨૦૨૫ થી તા.૨૧/૦૨/૨૦૨૫ના સમય ૨૪.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

વિસ્તાર

આ જાહેરનામું ૧૦-કડમાળ જિલ્લા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ વિસ્તારને લાગુ પડશે.

આજ તા.૩૦/૦૧/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી સિકકો કરી આપેલ છે.

જાહેરનામુ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.

ક્રમાંક:ફજદ/જાહેરનામું/વશી-૧૨૪ થી ૧૪૭/૨૦૨૫.—રાજ્ય ચુંટણી આયોગ, ગાંધીનગર દ્વારા સ્થાનિક સંસ્થાઓની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ ફેબ્રુઆરી-૨૦૨૫નો વિગતવાર કાર્યક્રમ ક્રમાંક:ઈએલસી/સી.ઓ.સી.-૩(૮)-૦૧૨૦૨૫-ક તા.૨૧/૦૧/૨૦૨૫ થી જાહેર કરવામાં આવેલ છે અને તે મુજબ અત્રેના જિલ્લામાં ૧૦-કડમાળ જિલ્લા પંચાયત મતદાર મંડળની પેટા ચૂંટણીનું મતદાન તા.૧૬/૦૨/૨૦૨૫ ના રોજ સવારના ૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી યોજાનાર છે. રાજ્ય ચુંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંક:—રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮ (૧)-૧૧૨૦૨૧-ક તા.૧૭/૧૧/૨૦૨૧ થી આપેલ સુચના મુજબ ચુંટણી જાહેર થયા પછી કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે આદર્શ આચાર સંહિતાના અમલ માટે વિવિધ પ્રતિબંધાત્મક હુકમો કરવાના રહે છે. જે મુજબ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટ આઉટ, જાહેરાત બેનર વિગેરે તેમજ જાહેર મિલ્કતોનો બગાડ થતો અટકાવવા નિયંત્રણ રાખવું જરૂર જણાય છે.

વાસ્તે હું બી. બી. ચૌધરી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩(BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ કરૂ છું,

૧. કોઈપણ રાજકીય પક્ષ અથવા ઉમેદવાર દ્વારા અથવા આવા ઉમેદવાર માટે કોઈ મંડળ, સંગઠન અથવા વ્યક્તિ દ્વારા રાજ્ય સરકાર, નગરપાલિકાઓ અથવા બોર્ડ, નિગમો, પંચાયતોના રસ્તાઓ, માર્ગો, મકાનો અથવા જગ્યાઓ, સરકારી કચેરી, નગરપાલિકા, પંચાયતો અથવા સરકારી બોર્ડ નિગમ હસ્તકની જગ્યાઓ પર સમાચાર, બોર્ડ અથવા જાહેર નોટીસ ન હોય એવા કોઈ પણ પ્રકારના કટ આઉટ જાહેરાત પાટીયા, પોસ્ટર, ધજા, પતાકા, બેનર્સ મુકી શકશે નહી કે દિવાલો ઉપર ચિત્રો દોરાવી શકશે નહી કે કમાનો દરવાજા વિગેરે ઉભા કરી શકશે નહીં.

૨. કોઈપણ રાજકીય પક્ષ અથવા ઉમેદવાર દ્વારા અથવા આવા ઉમેદવાર માટે કોઈ મંડળ, સંગઠન અથવા વ્યક્તિઓ દ્વારા કોઈ પણ ખાનગી મિલ્કત ઉપર રાજકીય નેતાઓના કટ આઉટ, જાહેરાત પાટીયા, બેનર્સ વગેરે તે જગ્યાના માલિકની પુર્વ મંજુરી વગર મુકી શકાશે નહી.

૩. કોઈપણ રાજકીય પક્ષો કે ઉમેદવારોએ, કાર્યકરોએ, સમર્થકો દ્વારા ધ્વજ, આધારદંડ, બેનર્સ, નોટીસ લગાવવા, સુત્રો લખવા માટે કોઈ જાહેર મકાન, જમીન, દિવાલ, હાઈવે અથવા બે માર્ગો ક્રોસ થતા હોય ત્યાં દિશાસૂચક સાઈનબોર્ડ, હાઈવે પરના માઈલ સ્ટોન, રેલ્વે ક્રોસીંગ પાસે ચેતાવણીના બોર્ડ, રેલ્વે-બસ સ્ટેશન પ્લેટફોર્મના નામ, વોર્ડ અગર જનતાની સગવડ માટે પ્રદર્શિત કરેલ કોઈ નોટીસ બોર્ડ વિગેરે જાહેર મિલકતોનો બગાડ કરી શકાશે નહિ.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ / ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ડાંગ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

અમલવારીનો સમય

આ જાહેરનામું તા.૩૦/૦૧/૨૦૨૫ થી તા.૨૧/૦૨/૨૦૨૫ના સમય ૨૪.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

વિસ્તાર

આ જાહેરનામું ૧૦-કડમાળ જિલ્લા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ વિસ્તારને લાગુ પડશે.

આજ તા.૩૦/૦૧/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામુ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.

ક્રમાંક:ફજદ/જાહેરનામું/વશી-૧૪૮ થી ૧૭૧/૨૦૨૫.—રાજ્ય ચુંટણી આયોગ, ગાંધીનગર દ્વારા સ્થાનિક સંસ્થાઓની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ ફેબ્રુઆરી-૨૦૨૫નો વિગતવાર કાર્યક્રમ ક્રમાંક:ઈએલસી/સી.ઓ.સી.-૩(૮)-૦૧૨૦૨૫-ક તા.૨૧/૦૧/૨૦૨૫ થી જાહેર કરવામાં આવેલ છે અને તે મુજબ અત્રેના જિલ્લામાં ૧૦-કડમાળ જિલ્લા પંચાયત મતદાર મંડળની પેટા ચૂંટણીનું મતદાન તા.૧૬/૦૨/૨૦૨૫ ના રોજ સવારના ૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી યોજાનાર છે.

રાજ્ય ચુંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંક:—રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮ (૧)-૧૧૨૦૨૧-ક તા.૧૭/૧૧/૨૦૨૧ થી શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/વહીવટી તંત્ર દ્વારા કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે સૂચનાઓ આપેલ છે. જેથી આ સમય દરમ્યાન જુદા-જુદા હરીફ જૂથો વચ્ચે ચૂંટણી પ્રચાર કરવામાં આવશે. જેથી આવા જુદા જુદા જૂથો વચ્ચે ધર્ષણ થવાની સંભાવનાઓ નકારી શકાય નહિ. તેમજ આ ધર્ષણના કારણે જાહેર સુલેહ શાંતિનો ભંગ પણ થવા સંભવ રહે છે. જેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે નીચે મુજબ નો પ્રતિબંધ મુકવાનું મને જરૂરી જણાય છે.

વાસ્તે હું બી. બી. ચૌધરી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩(BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ કરૂ છું,

(૧) કોઈપણ વ્યક્તિ/વ્યક્તિઓએ સક્ષમ અધિકારીની પરવાનગી વિના કોઈ સભા કરવી કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહીં.

(૨) કોઈપણ રાજકીય પક્ષો અથવા કે ઉમેદવારોએ ચુંટણી માટે પ્રચાર અગર અન્ય કાર્યક્રમ માટે સરઘસ કાઢવા માટે સક્ષમ અધિકારીની જરૂરી પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે.

(૩) સરઘસ યોજાનાર પક્ષે કે ઉમેદવારે સરઘસ શરૂ થવાના સમય અને સ્થળ, પસાર થવાનો માર્ગ, સરઘસ પુરૂ થવાનું હોય તે સ્થળ અને સમય અંગે અગાઉથી નિર્ણય કરી સંબંધિતોને જાણ કરવાની રહેશે.

(૪) અન્ય રાજકીય પક્ષો અથવા ઉમેદવારો દ્વારા આયોજિત જાહેર સભાઓ અથવા સરઘસોમાં ખલેલ પહોંચાડવી નહિ.

(૫) મતદારોની ધાર્મિક, સાંપ્રદાયિક, જાતીય/કોમી લાગણીઓ દુભાવવી નહિ. પ્રવર્તમાન મતભેદો વધારે ગંભીર રૂપ ધારણ કરે અથવા પરસ્પર દ્વેષભાવ ઉભો થાય અથવા જુદી જુદી જાતિઓ, સમુદાયો અથવા ધાર્મિક અથવા ભાષાકીય જૂથો વચ્ચે તણાવ ઉભો થાય તેવી પ્રવૃત્તિ કરવી નહિ.

અપવાદ

આ હુકમ નીચેના વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તેવી વ્યક્તિઓ.

(૨) કોઈ લગ્નનાં વરઘોડાને, મંદિર, ચર્ચ વિગેરેમાં પ્રાર્થના, સ્મશાન યાત્રાને.

(૩) મંદિર, મસ્જિદ અથવા દેવળમાં પ્રાર્થના કરતી બોનોફાઈડ વ્યક્તિઓ.

(૪) એસ.ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા વ્યક્તિઓ.

(૫) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ / ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ડાંગ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

અમલવારીનો સમય

આ જાહેરનામું તા.૩૦/૦૧/૨૦૨૫ થી તા.૨૧/૦૨/૨૦૨૫ના સમય ૨૪.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

વિસ્તાર

આ જાહેરનામું ૧૦-કડમાળ જિલ્લા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ વિસ્તારને લાગુ પડશે.

આજ તા.૩૦/૦૧/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી સિકકો કરી આપેલ છે.

જાહેરનામુ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.

ક્રમાંક:ફજદ/જાહેરનામું/વશી-૧૭૨ થી ૧૯૫/૨૦૨૫.–રાજ્ય ચુંટણી આયોગ, ગાંધીનગર દ્વારા સ્થાનિક સંસ્થાઓની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ ફેબ્રુઆરી-૨૦૨૫નો વિગતવાર કાર્યક્રમ ક્રમાંક:ઈએલસી/સી.ઓ.સી.-૩(૮)-૦૧૨૦૨૫-ક તા.૨૧/૦૧/૨૦૨૫ થી જાહેર કરવામાં આવેલ છે અને તે મુજબ અત્રેના જિલ્લામાં ૧૦-કડમાળ જિલ્લા પંચાયત મતદાર મંડળની પેટા ચૂંટણીનું મતદાન તા.૧૬/૦૨/૨૦૨૫ ના રોજ સવારના ૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી યોજાનાર છે.

રાજ્ય ચુંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંક:–રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮ (૧)-૧૧૨૦૨૧-ક તા.૧૭/૧૧/૨૦૨૧ થી શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/વહીવટી તંત્ર દ્વારા કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે સૂચનાઓ આપેલ છે. ચુંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકરો, સમર્થકો ચુંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા ભાગે કરે છે. જે ફકત નિયત મંચ કે સભા સ્થળ ઉપરાંત ચુંટણી પ્રચાર માટે ફરતા વાહનો ઉપર પણ લગાડી શહેર, મહોલ્લા, ગામો, ગલીઓમાં ફેરવવામાં આવે છે. જેનાં કારણે અવાજનું

પ્રદુષણ, ઘોંઘાટના કારણે અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ, વૃધ્ધો, અશક્ત અને બીમાર વ્યક્તિઓને ત્રાસરૂપ થાય છે. જેથી ચુંટણી પ્રક્રિયા દરમ્યાન લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું બી. બી. ચૌધરી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩(BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ કરૂ છું,

(૧) કોઇ જાહેર સભા માટે, સરઘસ માટે, સામાન્ય પ્રચાર માટે ફરતા વાહનો અથવા અન્યથા ઉપયોગમાં લેવાતા વાહનો ઉપર લાઉડ સ્પીકરના ઉપયોગ માટે ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીની પૂર્વમંજૂરી મેળવવાની રહશે. સક્ષમ સત્તાધિકારીની લેખિત પરવાનગી વગર જે વાહન લાઉડ સ્પીકરનો ઉપયોગ કરતા જણાશે તો તે વાહન જપ્ત કરવાની કાર્યવાહી સક્ષમ સત્તાધિકારીઓ દ્વારા કરવામાં આવશે. તદઉપરાંત લાઉડ સ્પીકરના ઉપયોગ વખતે જાહેર પર્યાવરણ અને શાંતિનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

(૨) ચુંટણી પ્રચારના કામે યોજાતી સભા/ સરઘસ કે રેલીમાં લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૮-૦૦ કલાકથી રાત્રીના ૧૦-૦૦ કલાક દરમિયાન જ કરવાનો રહેશે.

(૩) કોઈપણ મતદાર વિસ્તારમાં મતદાન પૂર્ણ થયાના અગાઉના ૪૮ કલાકની મુદત દરમ્યાન પ્રચાર પર પ્રતિબંધ હોઈ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરી શકાશે નહી.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ / ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ડાંગ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

અમલવારીનો સમય

આ જાહેરનામું તા.૩૦/૦૧/૨૦૨૫ થી તા.૨૧/૦૨/૨૦૨૫ના સમય ૨૪.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

વિસ્તાર

આ જાહેરનામું ૧૦-કડમાળ જિલ્લા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ વિસ્તારને લાગુ પડશે.

આજ તા.૩૦/૦૧/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

જાહેરનામુ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.

ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૨ તથા ૩ ના ઠરાવથી જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ ૯૫ અને ૧૩૧ થી મળેલ સત્તાની રૂએ જમીનના હક્કોની નોંધ કરવા અને જાળવણી કરવાના હેતુથી મહેસુલનું સરવે દાખલ કરવા મંજુરી મળેલ છે.

સેટલમેન્ટ કમિશનર અને જમીન રેકર્ડ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના વંચાણ-૪ થી સ્વામિત્વ યોજના હેઠળ ચુના માર્કીંગ અને ગ્રાઉન્ડ ટ્રુથીંગની કામગીરી બાબતે માર્ગદર્શક સુચના આધારે મોજે:કઠમાંડવા, તા.બોડેલી, જિલ્લો:છોટાઉદેપુરમાં સિટી સરવે વિસ્તાર નક્કી કરવા અંગેની દરખાસ્ત ડી.ઈ.લે.રે.શ્રી, છોટાઉદેપુર દ્વારા તૈયાર કરી વંચાણ-૫ થી અત્રેને રજુ કરેલ છે. દરખાસ્ત અન્વયે સદરહું ગામની માપણી તથા હક્કચોક્સી કરવાની થાય છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬ અન્વયે ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ના ઠરાવથી મળેલ સત્તાની રૂએ હું, વિમલ બારોટ, સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડઝ, કમ એકત્રીકરણ અધિકારી, છોટાઉદેપુર તે મોજે:કઠમાંડવા, તાલુકો-બોડેલી, જિલ્લો-છોટાઉદેપુરના આ સાથેના પત્રક-ક માં જણાવ્યા મુજબ(સ.નં.૧)ના સરવે નંબર/સરકારી પડતર/ગામતળને સિટી સર્વે વિસ્તારમાં સમાવેશ કરવા આથી જાહેર કરૂં છું.

છોટાઉદેપુર તા:૧૫મી એપ્રિલ ૨૦૨૫

વંચાણે લીધા:-

(૧) ગુજરાત સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંકઃ- સિટીએસ/૧૨.૨૦૧૫/૧૯૬૪/હ તા.૦૮/૦૯/૨૦૧૫

(૨) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક :- સિટીએસ-૧૩૨૦૨૧-૧૬૦૫-હ તા.૨૪/૦૧/૨૦૨૨

(૩) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંકઃ- સિટીએસ-૧૩૨૦૨૧-૧૬૦૫-હ તા.૧૦/૦૮/૨૦૨૨

(૪) સેટલમેન્ટ કમિશનર અને જમીન રેકર્ડ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંક:એસ.વી.પ/સ્વામિત્વ/ચુના માર્કિંગ/ગાઈડલાઈન/૨૦૨૨ તા.૨૮/૦૧/૨૦૨૨

(૫) જિલ્લા નિરીક્ષકશ્રી જમીન દફતર, છોટાઉદેપુરના પત્ર ક્રમાંકઃ-સ્વામિત્વ/યોજના/૧૨૬/જાહેરનામું/ખાંડીયા/બોડેલી/૨૦૨૫, તા-૦૪/૦૪/૨૦૨૫

જાહેરનામું

નંઃસ્વા.યોજના/ખાંડીયા/બોડેલી/૧૨૬/જાહેરનામું/૨૦૨૫.-ભારત સરકારના પંચાયતીરાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મિલકતધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી ડ્રોન ટેકનોલોજી દ્વારા મિલકતોનું સરવે કરવા સ્વામિત્વ-SVAMITVA (Survey of Villages And Mapping with Improvi sed Technology in Village Areas) યોજના જાહેર થયેલ છે.

ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૨ તથા ૩ ના ઠરાવથી જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ ૯૫ અને ૧૩૧ થી મળેલ સત્તાની રૂએ જમીનના હક્કોની નોંધ કરવા અને જાળવણી કરવાના હેતુથી મહેસુલનું સરવે દાખલ કરવા મંજુરી મળેલ છે.

સેટલમેન્ટ કમિશનર અને જમીન રેકર્ડ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના વંચાણ-૪ થી સ્વામિત્વ યોજના હેઠળ ચુના માર્કીંગ અને ગ્રાઉન્ડ ટ્રુથીંગની કામગીરી બાબતે માર્ગદર્શક સુચના આધારે મોજેઃખાંડીયા, તા.બોડેલી, જિલ્લો:છોટાઉદેપુરમાં સિટી સરવે વિસ્તાર નક્કી કરવા અંગેની દરખાસ્ત ડી.ઈ.લે.રે.શ્રી, છોટાઉદેપુર દ્વારા તૈયાર કરી વંચાણ-૫ થી અત્રેને રજુ કરેલ છે. દરખાસ્ત અન્વયે સદરહું ગામની માપણી તથા હક્કચોક્સી કરવાની થાય છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬ અન્વયે ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ના ઠરાવથી મળેલ સત્તાની રૂએ હું, વિમલ બારોટ, સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડઝ, કમ એકત્રીકરણ અધિકારી, છોટાઉદેપુર તે મોજેઃખાંડીયા, તાલુકો-બોડેલી, જિલ્લો-છોટાઉદેપુરના આ સાથેના પત્રક-ક માં જણાવ્યા મુજબ(સ.નં.૧,૨)ના સરવે નંબર/સરકારી પડતર/ગામતળને સિટી સર્વે વિસ્તારમાં સમાવેશ કરવા આથી જાહેર કરૂં છું.

છોટાઉદેપુર તાઃ૧૫મી એપ્રિલ ૨૦૨૫

વંચાણે લીધા:-

(૧) ગુજરાત સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંકઃ- સિટીએસ/૧૨.૨૦૧૫/૧૯૬૪/હ તા.૦૮/૦૯/૨૦૧૫

(૨) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક :- સિટીએસ-૧૩૨૦૨૧-૧૬૦૫-હ તા.૨૪/૦૧/૨૦૨૨

(૩) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંકઃ- સિટીએસ-૧૩૨૦૨૧-૧૬૦૫-હ તા.૧૦/૦૮/૨૦૨૨

(૪) સેટલમેન્ટ કમિશનર અને જમીન રેકર્ડ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંક:એસ.વી.પ/સ્વામિત્વ/ચુના માર્કિંગ/ગાઈડલાઈન/૨૦૨૨ તા.૨૮/૦૧/૨૦૨૨

(૫) જિલ્લા નિરીક્ષકશ્રી જમીન દફતર, છોટાઉદેપુરના પત્ર ક્રમાંકઃ-સ્વામિત્વ/યોજના/૧૨૬/જાહેરનામું/કાપડીયા /બોડેલી/૨૦૨૫, તા-૦૪/૦૪/૨૦૨૫

જાહેરનામું

નંઃસ્વા.યોજના/કાપડીયા/બોડેલી/૧૨૬/જાહેરનામું/૨૦૨૫.-ભારત સરકારના પંચાયતીરાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મિલકતધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી ડ્રોન ટેકનોલોજી દ્વારા મિલકતોનું સરવે કરવા સ્વામિત્વ-SVAMITVA (Survey of Villages And Mapping with Improvi sed Technology in Village Areas) યોજના જાહેર થયેલ છે.

ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૨ તથા ૩ ના ઠરાવથી જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ ૯૫ અને ૧૩૧ થી મળેલ સત્તાની રૂએ જમીનના હક્કોની નોંધ કરવા અને જાળવણી કરવાના હેતુથી મહેસુલનું સરવે દાખલ કરવા મંજુરી મળેલ છે.

સેટલમેન્ટ કમિશનર અને જમીન રેકર્ડ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના વંચાણ-૪ થી સ્વામિત્વ યોજના હેઠળ ચુના માર્કીંગ અને ગ્રાઉન્ડ ટ્રુથીંગની કામગીરી બાબતે માર્ગદર્શક સુચના આધારે મોજેઃકાપડીયા, તા.બોડેલી, જિલ્લો:છોટાઉદેપુરમાં સિટી સરવે વિસ્તાર નક્કી કરવા અંગેની દરખાસ્ત ડી.ઈ.લે.રે.શ્રી, છોટાઉદેપુર દ્વારા તૈયાર કરી વંચાણ-૫ થી અત્રેને રજુ કરેલ છે. દરખાસ્ત અન્વયે સદરહું ગામની માપણી તથા હક્કચોક્સી કરવાની થાય છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬ અન્વયે ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ના ઠરાવથી મળેલ સત્તાની રૂએ હું, વિમલ બારોટ, સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડઝ, કમ એકત્રીકરણ અધિકારી, છોટાઉદેપુર તે મોજેઃકાપડીયા, તાલુકો-બોડેલી, જિલ્લો-છોટાઉદેપુરના આ સાથેના પત્રક-ક માં જણાવ્યા મુજબ(સ.નં.૧)ના સરવે નંબર/સરકારી પડતર/ગામતળને સિટી સર્વે વિસ્તારમાં સમાવેશ કરવા આથી જાહેર કરૂં છું.

છોટાઉદેપુર તા:૧૫મી એપ્રિલ ૨૦૨૫

વંચાણે લીધા:-

(૧) ગુજરાત સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંકઃ- સિટીએસ/૧૨.૨૦૧૫/૧૯૬૪/હ તા.૦૮/૦૯/૨૦૧૫

(૨) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક :- સિટીએસ-૧૩૨૦૨૧-૧૬૦૫-હ તા.૨૪/૦૧/૨૦૨૨

(૩) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંકઃ- સિટીએસ-૧૩૨૦૨૧-૧૬૦૫-હ તા.૧૦/૦૮/૨૦૨૨

(૪) સેટલમેન્ટ કમિશનર અને જમીન રેકર્ડ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંક:એસ.વી.પ/સ્વામિત્વ/ચુના માર્કિંગ/ગાઇડલાઇન/૨૦૨૨ તા.૨૮/૦૧/૨૦૨૨

(૫) જિલ્લા નિરીક્ષકશ્રી જમીન દફતર, છોટાઉદેપુરના પત્ર ક્રમાંકઃ-સ્વામિત્વ/યોજના/૧૨૬/જાહેરનામું/ધોલપુર/બોડેલી/૨૦૨૫, તા-૦૪/૦૪/૨૦૨૫

જાહેરનામું

નંઃસ્વા.યોજના/ધોલપુર/બોડેલી/૧૨૬/જાહેરનામું/૨૦૨૫.-ભારત સરકારના પંચાયતીરાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મિલકતધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી ડ્રોન ટેકનોલોજી દ્વારા મિલકતોનું સરવે કરવા સ્વામિત્વ-SVAMITVA (Survey of Villages And Mapping with Improvi sed Technology in Village Areas) યોજના જાહેર થયેલ છે.

ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૨ તથા ૩ ના ઠરાવથી જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ ૯૫ અને ૧૩૧ થી મળેલ સત્તાની રૂએ જમીનના હક્કોની નોંધ કરવા અને જાળવણી કરવાના હેતુથી મહેસુલનું સરવે દાખલ કરવા મંજુરી મળેલ છે.

સેટલમેન્ટ કમિશનર અને જમીન રેકર્ડ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના વંચાણ-૪ થી સ્વામિત્વ યોજના હેઠળ ચુના માર્કીંગ અને ગ્રાઉન્ડ ટ્રુથીંગની કામગીરી બાબતે માર્ગદર્શક સુચના આધારે મોજેઃધોલપુર, તા.બોડેલી, જિલ્લો:છોટાઉદેપુરમાં સિટી સરવે વિસ્તાર નક્કી કરવા અંગેની દરખાસ્ત ડી.ઈ.લે.રે.શ્રી, છોટાઉદેપુર દ્વારા તૈયાર કરી વંચાણ-૫ થી અત્રેને રજુ કરેલ છે. દરખાસ્ત અન્વયે સદરહું ગામની માપણી તથા હક્કચોક્સી કરવાની થાય છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬ અન્વયે ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ના ઠરાવથી મળેલ સત્તાની રૂએ હું, વિમલ બારોટ, સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડઝ, કમ એકત્રીકરણ અધિકારી, છોટાઉદેપુર તે મોજેઃધોલપુર, તાલુકો-બોડેલી, જિલ્લો-છોટાઉદેપુરના આ સાથેના પત્રક-ક માં જણાવ્યા મુજબ(સ.નં.૧,૨,૩૭૬)ના સરવે નંબર/સરકારી પડતર/ગામતળને સિટી સર્વે વિસ્તારમાં સમાવેશ કરવા આથી જાહેર કરૂં છું.

છોટાઉદેપુર તા:૧૫મી એપ્રિલ ૨૦૨૫

વંચાણે લીધા:-

(૧) ગુજરાત સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંકઃ- સિટીએસ/૧૨.૨૦૧૫/૧૯૬૪/હ તા.૦૮/૦૯/૨૦૧૫

(૨) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક :- સિટીએસ-૧૩૨૦૨૧-૧૬૦૫-હ તા.૨૪/૦૧/૨૦૨૨

(૩) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંકઃ- સિટીએસ-૧૩૨૦૨૧-૧૬૦૫-હ તા.૧૦/૦૮/૨૦૨૨

(૪) સેટલમેન્ટ કમિશનર અને જમીન રેકર્ડ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંક:એસ.વી.પ/સ્વામિત્વ/ચુના માર્કિંગ/ગાઇડલાઇન/૨૦૨૨ તા.૨૮/૦૧/૨૦૨૨

(૫) જિલ્લા નિરીક્ષકશ્રી જમીન દફતર, છોટાઉદેપુરના પત્ર ક્રમાંકઃ-સ્વામિત્વ/યોજના/૧૨૬/જાહેરનામું/ધોડજ/બોડેલી/૨૦૨૫, તા-૦૪/૦૪/૨૦૨૫

જાહેરનામું

નંઃસ્વા.યોજના/ધોડજ/બોડેલી/૧૨૬/જાહેરનામું/૨૦૨૫.-ભારત સરકારના પંચાયતીરાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મિલકતધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી ડ્રોન ટેકનોલોજી દ્વારા મિલકતોનું સરવે કરવા સ્વામિત્વ-SVAMITVA (Survey of Villages And Mapping

with Improvi sed Technology in Village Areas) યોજના જાહેર થયેલ છે.

ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૨ તથા ૩ ના ઠરાવથી જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ ૯૫ અને ૧૩૧ થી મળેલ સત્તાની રૂએ જમીનના હક્કોની નોંધ કરવા અને જાળવણી કરવાના હેતુથી મહેસુલનું સરવે દાખલ કરવા મંજુરી મળેલ છે.

સેટલમેન્ટ કમિશનર અને જમીન રેકર્ડ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના વંચાણ-૪ થી સ્વામિત્વ યોજના હેઠળ ચુના માર્કીંગ અને ગ્રાઉન્ડ ટ્રુથીંગની કામગીરી બાબતે માર્ગદર્શક સુચના આધારે મોજેઃધોડજ, તા.બોડેલી, જિલ્લોઃછોટાઉદેપુરમાં સિટી સરવે વિસ્તાર નક્કી કરવા અંગેની દરખાસ્ત ડી.ઈ.લે.રે.શ્રી, છોટાઉદેપુર દ્વારા તૈયાર કરી વંચાણ-૫ થી અત્રેને રજુ કરેલ છે. દરખાસ્ત અન્વયે સદરહું ગામની માપણી તથા હક્કચોક્સી કરવાની થાય છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬ અન્વયે ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ના ઠરાવથી મળેલ સત્તાની રૂએ હું, વિમલ બારોટ, સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડઝ, કમ એકત્રીકરણ અધિકારી, છોટાઉદેપુર તે મોજેઃધોડજ, તાલુકો-બોડેલી, જિલ્લો-છોટાઉદેપુરના આ સાથેના પત્રક-ક માં જણાવ્યા મુજબ(સ.નં.૧)ના સરવે નંબર/સરકારી પડતર/ગામતળને સિટી સર્વે વિસ્તારમાં સમાવેશ કરવા આથી જાહેર કરૂં છું.

છોટાઉદેપુર તાઃ૧૫મી એપ્રિલ ૨૦૨૫

વંચાણે લીધાઃ-

(૧) ગુજરાત સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંકઃ- સિટીએસ/૧૨.૨૦૧૫/૧૯૬૪/હ તા.૦૮/૦૯/૨૦૧૫

(૨) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક :- સિટીએસ-૧૩૨૦૨૧-૧૬૦૫-હ તા.૨૪/૦૧/૨૦૨૨

(૩) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંકઃ- સિટીએસ-૧૩૨૦૨૧-૧૬૦૫-હ તા.૧૦/૦૮/૨૦૨૨

(૪) સેટલમેન્ટ કમિશનર અને જમીન રેકર્ડ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃએસ.વી.પ/સ્વામિત્વ/ચુના માર્કિંગ/ગાઇડલાઈન/૨૦૨૨ તા.૨૮/૦૧/૨૦૨૨

(૫) જિલ્લા નિરીક્ષકશ્રી જમીન દફતર, છોટાઉદેપુરના પત્ર ક્રમાંકઃ-સ્વામિત્વ/યોજના/૧૨૬/જાહેરનામું/વધાચ/નસવાડી/૨૦૨૫, તા-૦૪/૦૪/૨૦૨૫

જાહેરનામું

નંઃસ્વા.યોજના વધાચ/નસવાડી/૧૨૬/જાહેરનામું/૨૦૨૫.-ભારત સરકારના પંચાયતીરાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મિલકતધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી ડ્રોન ટેકનોલોજી દ્વારા મિલકતોનું સરવે કરવા સ્વામિત્વ-SVAMITVA (Survey of Villages And Mapping with Improvi sed Technology in Village Areas) યોજના જાહેર થયેલ છે.

ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૨ તથા ૩ ના ઠરાવથી જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ ૯૫ અને ૧૩૧ થી મળેલ સત્તાની રૂએ જમીનના હક્કોની નોંધ કરવા અને જાળવણી કરવાના હેતુથી મહેસુલનું સરવે દાખલ કરવા મંજુરી મળેલ છે.

સેટલમેન્ટ કમિશનર અને જમીન રેકર્ડ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના વંચાણ-૪ થી સ્વામિત્વ યોજના હેઠળ ચુના માર્કીંગ અને ગ્રાઉન્ડ ટ્રુથીંગની કામગીરી બાબતે માર્ગદર્શક સુચના આધારે મોજેઃવધાચ, તા.નસવાડી, જિલ્લોઃછોટાઉદેપુરમાં સિટી સરવે વિસ્તાર નક્કી કરવા અંગેની દરખાસ્ત ડી.ઈ.લે.રે.શ્રી, છોટાઉદેપુર દ્વારા તૈયાર કરી વંચાણ-૫ થી અત્રેને રજુ કરેલ છે. દરખાસ્ત અન્વયે સદરહું ગામની માપણી તથા હક્કચોક્સી કરવાની થાય છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬ અન્વયે ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ના ઠરાવથી મળેલ સત્તાની રૂએ હું, વિમલ બારોટ, સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડઝ, કમ એકત્રીકરણ અધિકારી, છોટાઉદેપુર તે મોજેઃવધાચ, તા.નસવાડી, જિલ્લો-છોટાઉદેપુરના આ સાથેના પત્રક-ક માં જણાવ્યા મુજબ(સ.નં.૩૩૩,૫૧૬)ના સરવે નંબર/સરકારી પડતર/ગામતળને સિટી સર્વે વિસ્તારમાં સમાવેશ કરવા આથી જાહેર કરૂં છું.

છોટાઉદેપુર તાઃ૨૭મી માર્ચ ૨૦૨૫

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

-:: જાહેરનામુ ::-

- ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ - ૧૪૪ અન્વયે.

નં.ડીસીબી/એમએજી/૨જી.૫૨/વશી. ૪૩૦૯ થી ૪૩૬૨ /૨૦૨૪.–પોલીસ અધિક્ષકશ્રી વલસાડની તા.૨૮/૦૫/૨૦૨૪ની દરખાસ્ત મુજબ વલસાડ જિલ્લા તથા જિલ્લાને અડીને આવેલ મહારષ્ટ્ર રાજ્ય તથા કેન્દ્રશાસિત સંઘ પ્રદેશ દમણ અને સેલવાસમાં નાના મોટા ઔધોગિક એકમ તથા પ્રવાસન ક્ષેત્ર વિકાસ પામેલ છે. તેની સાથે ટ્રાન્સપોર્ટ વાહન વ્યવહાર તથા નાના-મોટા ધંધાઓ ખુબ જ મોટી સંખ્યામાં છે. આ ઔધોગિક

એકમ ટ્રાન્સપોર્ટ હોટલ-રેસ્ટોરન્ટ, નાના-મોટા ધંધા અન્ય રોજગાર વ્યવસાય ભંગાર અને માલના ગોડાઉન વિગેરે જગ્યાએ મોટાભાગે પરપ્રાંતીય લોકો કામ કરે છે. આ તમામ પરપ્રાંતીય લોકો ઔધિગિક વિસ્તાર તથા રહેણાંક સોસયટી તથા સ્લમ/ચાલી વિસ્તારમાં ભાડેથી વસવાટ કરે છે. જે પૈકી ગુન્હાહિત પ્રવૃતિ સાથે સંકળાયેલ ઈસમો ગુન્હાહિત પ્રવૃતિને અંજામ આપી જિલ્લા/રાજ્ય બહાર નાસી જતા હોય છે. અને પોલીસની તપાસ દરમ્યાન તેના રહેણાંકની જગ્યાએ તપાસ કરતા રૂમ/મકાનના માલિક દ્વારા જે-તે વ્યકિતના ઓળખના પુરાવા ભાડા કરાર કરવામાં આવેલ હોતા નથી કે જે તે રૂમ/મકાન ભાડા કરાર એક જ વ્યકિત સાથે કરવામાં આવેલ છે. પરંતુ તેની સાથે રહેતા અન્ય મહિલા/પુરૂષના નામ-સરનામા આધાર પુરાવા કે ફોટોગ્રાફસ કે મોબાઈલ નંબર વિગેરેની માહિતી મેળવવામાં આવતા નથી જેના કારણે ગુન્હાહિત પ્રવૃતિ સાથે સંકળાયેલ વ્યકિતઓની ઓળખ થઈ શકતી નથી ખોટા અથવા બીજા વ્યક્તિના અધાર પુરાવા આધારે પુરાવા વસવાટ કરતા હોઈ જેથી વ્યકિતની ઓળખ કે ધરપકડ થઈ શકતી નથી. વલસાડ જિલ્લાના ખાસ કરીને સગીર વયની છોકરીના અપહરણ/ભગાડી જવા કે સગીર બાળકો સાથે જાતીય અપરાધના બનાવમાં રાજ્ય બહારના વ્યક્તિઓની સંડોવણી જણાઈ આવતી હોય જેના કારણે મહિલા/બાળકો સાથે બનતા બનાવો તથા વ્યક્તિઓની ઓળખ પ્રસ્થાપિત કરી ગુનાઓ અટકાવવા અને ગુનાઓ શોધવા જે-તે વ્યકિતના ઓળખના પુરાવા લીધા વગર રૂમ, મકાન, ચાલી દુકાન ગોડાઉન તથા રહેણાંક તરીકે ઉપયોગમાં લેવામાં આવતા દરેક સ્થળ/જગ્યા ભાડેથી આપતા હોય છે. જેથી આવી રીતે ભાડેથી રહેણાંકની સુવિધા પુરી પાડતા જગ્યા/મકાનના માલિક ઉપર નિયંત્રણો લાવવા જરૂરી છે. આ માટે રહેણાંક/ધંધા માટે ભાડેથી જગ્યા/મકાન પુરી પાડતા વ્યકિત/સંસ્થા નીચે મુજબની અમલવારી કરે તે સારૂ જાહેરનામું બહાર પાડવા વિનંતી કરી છે. જેથી ભાડેથી મકાન ધંધાના એકમો દુકાન ઓફિસો આપતા માલિકો ઉપર નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું એ.આર.જહા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ જિલ્લો: વલસાડ ભારતના ફોજદારી કાર્યરીતી અધિનિયમ - ૧૯૭૩ (૧૯૭૪ નો બીજો) ની કલમ - ૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે,

૦૧. સમગ્ર વલસાડ જિલ્લામાં કોઈ મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔધોગિક એકમોના સંચાલકો અગરતો આ માટે આવા મકાન/દુકાન/ ઓફિસના માલિકો/ઔધોગિક એકમોના સંચાલકો એ ખાસ સત્તા આપેલ વ્યકિત જ્યારે મકાન/દુકાન/ઓફિસ/ઔધોગિક એકમો ભાડે આપેલ છે તેવા મકાનો/દુકાન/ઓફિસના માલિકો/ઔધોગિક એકમોના સંચાલકો નીચે જણાવેલ માહિતી તૈયાર કરી સંબધિત પોલીસ સ્ટેશને આ જાહેરનામું પ્રસિધ્ધ થયેથી દિન ૨૦માં આપવાની રહેશે.

૦૨. સમગ્ર વલસાડ જિલ્લામાં કોઈ મકાન/દુકાન/ ઓફિસના માલિકો/ઔધિગિક એકમોના સંચાલકો અગરતો આ માટે આવા મકાન/દુકાન/ ઓફિસના માલિકો/ઔધોગિક એકમોના સંચાલકો એ ખાસ સત્તા આપેલ વ્યકિત જ્યારે મકાન/દુકાન/ઓફિસ/ઔધોગિક એકમો હવેથી ભાડે આપે ત્યારે તેઓએ સબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને મકાન/દુકાન/ઓફિસ/ઔધિગિક એકમ ભાડે આપી શકાશે નહીં હવે પછીથી ભાડે આપેલ મકાન/દુકાન/ઓફિસ/ઔધોગિક એકમની વિગત ભાડુઆત અને સબંધિત દલાલ કે જેઓને ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આ જાહેરનામું પ્રસિધ્ધ થયેથી દિન ૨૦ માં આપવાની રહેશે.

૦૩. સમગ્ર વલસાડ જિલ્લામાં ભાડુઆતના તથા તેની સાથે ધંધામાં સંકળાયેલ તથા વસવાટ કરતા દરેક વ્યક્તિના ફોટા આઈ-ડી પ્રુફ મેળવવા અને નોટરરાઈઝ ભાડા કરાર કરવો તથા ભાડા કરારમાં ભાડેથી લેનારના સાક્ષીના પણ ઓળખના પુરાવા તથા મોબાઈલ નંબર મેળવવા.

૦૪. સમગ્ર વલસાડ જિલ્લામાં ભાડુઆત અને તેની સાથે રહેતા ધંધા કરતા તથા રહેતા દરેક વ્યકિત કઈ કંપની દુકાન ફેકટરી ગોડાઉન ધંધાકીય સ્થળમાં કામ કરે છે તેનુ પુરેપુરૂ નામ-સરનામું નંબર મેળવવા તથા વેરીફાય કરવું.

૦૫. સમગ્ર વલસાડ જિલ્લામાં ભાડુઆત અને તેની સાથે રહેતા દરેક વ્યકિતના મુળ વતનનું નામ-સરનામું તથા વતનના સ્થાનિક પોલીસ સ્ટેશનનું નામ-મોબાઈલ નંબર મેળવવા.

૦૬. સમગ્ર વલસાડ જિલ્લામાં જગ્યા/મકાન ભાડે આપનાર માલિક નોટરરાઈઝ ભાડા કરાર બનાવી જરૂરી આધાર પુરાવા મેળવી મેળવી નમુનાનુ ફોર્મ તથા ભાડા કરારની સર્ટીફાઈડ નકલ આ સાથે સ્થાનિક પો સ્ટેમાં જાણ કરવી.

૦૭. સમગ્ર વલસાડ જિલ્લામાં ભાડુઆતની કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ જણાઈ આવ્યે તાત્કાલિક સ્થાનિક પોલીસ અને જિલ્લા પોલીસ વિભાગને જાણ કરવાની રહેશે.

આ હુકમ તા.૦૧/૦૬/૨૦૨૪ થી તા. ૩૦/૦૭/૨૦૨૪ (બંન્ને દિવસો સહીત) સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવત પો.સબ ઈન્સ્પેકટરશ્રી કે તેથી ઉપરનાં હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :૩૧/૦૫/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કચેરીનો મહોર લગાડી હુકમ બહાર પાડયો.

-:: જાહેરનામુ ::-

-:: ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ - ૧૪૪ અન્વયે ::-

નં.ડીસીબી/એમએજી/CCTV જાહેરનામું/રજી ૫૩/વશી. ૪૩૬૩ થી ૪૪૧૬/૨૦૨૪.–પોલીસ અધિક્ષકશ્રી વલસાડની તા.૨૮/૦૫/૨૦૨૪ની દરખાસ્ત મુજબ વલસાડ જિલ્લા તથા કેન્દ્ર શાસિત સંઘ પ્રદેશ દમણ અને સેલવાસ ખાતે કેમીકલ્સ, ગારમેન્ટવ, પ્લાસ્ટીક, ફાર્માસ્યુટીકલ, પેપર, જંતુનાશક દવા વિગેરેનું ઉત્પાદન કરતા નાના-મોટા ઔધોગિક એકમ આવેલ છે તેની સાથે ટ્રાન્સપોર્ટનો વ્યવસાય પણ વિકાસ પામેલ છે. જેના કારણે વલસાડ જિલ્લામાં પરપ્રાંતીય લોકોની સંખ્યા ખુબ મોટા પ્રમાણમાં વસવાટ કરે છે. ભુતકાળમાં વલસાડ જિલ્લામાં જિલ્લા પોલીસ દ્વારા બનેલ મિલ્કત સબંધી અને શરીર સબંધી ગુનાઓમાં રાજય બહારની ગેંગ અને ગુનેગારોની ધરપકડ કરી ગુનાઓનો ભેદ ઉકેલવામાં આવેલ છે. આ તમામ પ્રકારના મિલ્કત સબંધી અને શરીર સબંધી ગુનાની તપાસ દરમ્યાન સ્થાનીક પોલીસ, લોકલ કાઈમ બ્રાંચ, સ્પેશ્યલ ઓપરેશન ગૃપ તથા અન્ય શાખા/સ્કવોડ દ્વારા વલસાડ જિલ્લામાં પોલીસ વિભાગ, રેલ્વે વિભાગ, જુદા-જુદા સરકારી વિભાગ, ખાનગી વ્યકિત કે સંસ્થા ધ્વારા લગાડવામાં આવેલ સી.સી.ટી.વી. કેમેરાના ફુટેજનો અભ્યાસ કરી ગુનામાં સંડોવાયેલ વ્યકિતના ફોટોગ્રાફસ અને ગુનામાં ઉપયોગમાં લીધેલ વાહનના પ્રકાર અને વાહનના નંબર, ગુનાની મોડસ ઓપરેન્ડીક આધારે જુદી-જુદી ગેંગ કે ગુનેગારની ઓળખ કરી ગુનાઓ ડીટેકટ કરવામાં આવેલ છે. આમ સી.સી.ટી.વી. કેમેરા ગુનાની તપાસ તથા ગુના શોધવા ખુબ જ ઉપયોગી છે.

તદઉપરાંત સી.સી.ટી.વી. કેમેરા ટ્રાફીક નિયમન અને રોડ અકસ્માત સબંધી ગુનાઓ શોધવામાં ખુબ જ મદદરૂપ થાય છે તથા રહેણાંક વિસ્તાર, સોસાયટી, બિલ્ડીંગ, શાળા કોલેજ અને શૈક્ષણિક સંસ્થા વિગેરેમાં સીનીયર સીટીઝન, મહિલા, બાળકો અને વિધાર્થીઓ અને લોકોની સુરક્ષા માટે સી.સી.ટી.વી. ખુબ જ ઉપયોગી થઇ શકે તેમ છે તેમજ જુદી-જુદી બેન્કીગ, નાણાંકીય સંસ્થા, ઈન્ડશસ્ટ્રીયલ પાર્ક, ફુડ ઝોન, કોમર્શિયલ બિલ્ડીંગ, શોપિંગ મોલ, શૈક્ષણિક સંસ્થાઓ, જવેલરી શોપ, શો-રૂમ, પાર્કિગ પ્લોટ, પાર્ટી પ્લોટ, લગ્ન હોલ, ખાનગી મનોરંજનના સ્થળ વિગેરે સી.સી.ટી.વી. કેમેરા દ્વારા લોકોના માલ મિલ્કત ઉપર દેખરેખ રાખી નુકશાન થતુ અટકાવી શકાય તેમજ ગુન્હા હિત પ્રવૃતિ ઉપર વોચ રાખી શકાય. આમ વલસાડ જિલ્લામાં લોકોના જાનમાલના રક્ષણ અને કાયદો વ્યવસ્થા સુદ્રઢ બને તેમજ ગુનાઓ બનતા અટકાવવા તથા ગુનાઓ શોધવા માટે સી.સી.ટી.વી. કેમેરા ખુબ જ ઉપયોગી છે. જેથી નીચે જણાવેલ જગ્યા ઉપર જરૂરીયાત મુજબ એન્ટ્રી, એકઝીટ, આવવા-જવાના રસ્તા, પાર્કિગ, મકાન/બિલ્ડીંગના આગળ-પાછળ અને બંને સાઈડ તરફ મુખ્ય રોડ રસ્તા કવર કરે તે રીતે સી.સી.ટી.વી. કેમેરા લગાડવા જાહેરનામુ બહાર પાડવા વિનંતી કરેલ છે.

આમ, જિલ્લામાં બનતા ઉપરોક્ત જણાવેલ મિલ્કત/શરીર સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા માટે પોલીસને મદદરૂપ થાય તે હેતુ માટે તેમજ જાહેર જનતાની શાંતિ અને સલામતી જાળવવા સારૂ સી.સી.ટી.વી. કેમેરા લગાવવા જાહેરનામુ બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું એ.આર.જહા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ભારતના ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો) ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ પ્રિમાઈસીસ સ્થળે સી.સી.ટી.વી. કેમેરા (વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ કાર્યરત કરવા માટે આથી હુકમ કરૂં છું.

૧. સમગ્ર વલસાડ જિલ્લામાં શાળા, કોલેજ અન્ય શૈક્ષણિક સંસ્થા તથા એજયુકેશન સાથે જોડાયેલી સંસ્થાઓ.

૨. સમગ્ર વલસાડ જિલ્લામાં હોટલ, રેસ્ટોરન્ટ, ફુડ ઝોન, પેટ્રોલપંપ, ગેસ ફીલીંગ સ્ટેશન.

૩. સમગ્ર વલસાડ જિલ્લામાં શોપિંગ મોલ, શોપિંગ કોમ્પલેક્ષ, કોમર્શિયલ બિલ્ડીંગ.

૪. સમગ્ર વલસાડ જિલ્લામાં બેન્કો, આંગડીયા પેઢી, ફાયનાન્સક ઓફીસ/પેઢી.

૫. સમગ્ર વલસાડ જિલ્લામાં ટ્રાવેલ્સ એજન્સી, ટ્રાન્સ પોર્ટ ઓફીસ, કુરીયન ઓફીસ.

૬. સમગ્ર વલસાડ જિલ્લામાં વાહનના શો-રૂમ, જવેલરી શોપ, મોબાઈલ શોપ, ઈલેકટ્રોનીકસ શો-રૂમ.

૭. સમગ્ર વલસાડ જિલ્લામાં ઈન્ડ સ્ટ્રીયલ પાર્ક, વેર હાઉસ, મોટા કદના ગોડાઉન.

૮. સમગ્ર વલસાડ જિલ્લામાં હોસ્પીટલ, લેબોરેટરીઝ, દવાખાના.

૯. સમગ્ર વલસાડ જિલ્લામાં મોટા શાકભાજી માર્કેટ/માર્કેટીંગ યાર્ડ.

૧૦. સમગ્ર વલસાડ જિલ્લામાં હાઈરાઈઝ/લો-રાઈઝ બિલ્ડીંગ, ક્લબ હાઉસ.

૧૦. સમગ્ર વલસાડ જિલ્લામાં મોટા કદના ઔધોગીક એકમ.

૧૨. સમગ્ર વલસાડ જિલ્લામાં રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન વિગેરે જગ્યાએ આવેલ ખાનગી પે એન્ડગ પાર્કિગ.

૧૩. સમગ્ર વલસાડ જિલ્લામાં ધાર્મિક સ્થળ તથા ખાનગી મનોરંજન સ્થળ જેવા કે, સિનેમા, જીમ, વોટર પાર્ક, સ્વીમીંગ પુલ, ગેમ ઝોન, રમત-ગમતના સ્થળ.

આ હુકમ તા. ૦૧/૦૬/૨૦૨૪ થી તા.૩૦/૦૭/૨૦૨૪ (બંને દિવસો સહીત) સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનારને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ સજા/દંડ થઈ શકશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવત પો.સબ ઈન્સ્પેકટરશ્રી કે તેથી ઉપરનાં હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાની વર્તમાનપત્રો મારફત બહોળી પ્રસિધ્ધિ કરવી.

આજ રોજ તારીખ: ૩૧/૦૫/૨૦૨૪ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

વંચાણે લીધુ :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, વલસાડના પત્ર નં.LIB/જાહેરનામુ/૧૫૨૭/૨૦૨૪, તા.૨૮/૦૫/૨૦૨૪

-:: હુકમ ::-

-:: ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ ::-

નં.ડીસીબી/એમએજી/Pathik જાહેરનામું/રજી. ૫૪/વશી. ૪૪૧૭ થી ૪૪૭૦/૨૦૨૪.–વલસાડ જીલ્લાની હદને અડીને મહારાષ્ટ્ર રાજ્ય, કેન્દ્ર શાસિત સંઘ પ્રદેશ દમણ અને સેલવાસ આવેલ છે અને જિલ્લામાંથી નેશનલ હાઈવે નંબર ૪૮ પસાર થાય છે. વલસાડ જિલ્લા, કેન્દ્ર શાસિત સંઘ પ્રદેશ દમણ અને સેલવાસ ખાતે પ્રવાસન સ્થળો તથા નાના-મોટા ઔધોગીક એકમો આવેલા છે. જેના કારણે વલસાડ જિલ્લામાં દેશ-વિદેશ તથા રાજ્ય બહાર અને ગુજરાત રાજ્યના લોકો પ્રવાસ કે કામધંધા અર્થે આવે ત્યારે વલસાડ જિલ્લામાં શહેર કે હાઈવે રોડ ઉપર આવેલ હોટલ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા, લોજ જેવા ભાડુ લઈ રોકાણની સુવિધા પુરી પાડતા એકમમાં રોકાણ કરતા હોય છે. જેમાં ગુન્હાહિત અને ભાંગફોડીયા પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઈસમો ગુન્હાહિત પ્રવૃત્તિ આચરવા માટે હોટલ/ગેસ્ટ હાઉસમાં ખોટા કે બીજી વ્યક્તિના નામના ઓળખના પુરાવા, મોબાઈલ નંબર આધારે રોકાણ કરી ગુન્હાહિત પ્રવૃત્તિ આચરી નાસી જઈ જાહેર સલામતી, શાંતી અને મિલ્કતને નુકશાન પહોંચાડતા હોવાનું અને હોટલ/ ગેસ્ટ હાઉસના રજીસ્ટરમાં અધુરી અને અનિયમિત નોંધ, સી.સી.ટી.વીની વ્યવસ્થા અને રેકોર્ડીંગ, ઓળખના પુરાવા તથા મોબાઈલ નંબરનું વેરીફીકેશન અને પથિક સોફ્ટવેરમાં અનિયમિત એન્ટ્રી વિગેરે વિગત જાણવા મળેલ છે.

જે એકમોમાં મોટે ભાગે વિદેશી નાગરીકો તેમજ આંતર રાજયના નાગરીકો તથા રાજયના વિવિધ જિલ્લાઓના નાગરીકો, વેપારીઓ, ટેકનિશ્યનો વિવિધ કામકાજ અર્થે આવતા જતા હોય છે અને તેઓ ટૂંકા સમય માટે હોટલોમાં રોકતા હોય છે.

ભુતકાળમાં બનેલ બનાવોના તપાસ દરમિયાન બહાર આવેલ હકીકતો મુજબ કેટલીકવાર ઉપરોકત જણાવ્યા મુજબના નાગરીકો, વેપારીઓની આડમાં આતંકવાદી, ત્રાસવાદી પ્રવૃતિ કરવા રોકાણ કરી આજુબાજુના વિસ્તારોમાં શહેરની ભીડભાડ વાળી જગ્યા, મોટી હોસ્પિટલો ઔધૌગિક એકમો, સરકારી કચેરીઓ, અતિ સંવેદનશીલ જગ્યાઓ વિગેરેની રેકી કરી આંતકવાદી પ્રવૃતિ, અસામાજીક પ્રવૃતિ, ચોરી, લુંટફાટની પ્રવૃતિને અંજામ આપતા હોય છે અને જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી તેમજ શાંતી અને સલામતી ડહોળવાના પ્રયાસો કરતા હોય છે.

અમુક ઔધોગિક આસપાસની હોટલોમાં ઈમોરોલ ટ્રાફીકીંગની પ્રવૃતિ પણ ઉપર જણાવ્યા મુજબ વેપાર ધંધાની આડમાં તેમજ સ્પા, મસાજની આડમાં થતી હોવાના કિસ્સાઓ રાજયમાં ભુતકાળમાં બનવા પામેલ છે.

જેથી જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની તેમજ શાંતી અને સલામતિની વ્યવસ્થા જાળવી રાખવા સારૂ હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફર ખાના ઉપર નિયંત્રણો મુકવા ખુબ જરૂર જણાય છે. આ માટે ગુજરાત પોલીસ દ્વારા "PATHIK" (Program for Analysis of Traveler and Hotel Informatics) સોફ્ટવેર તૈયાર કરવામાં આવેલ છે. જે હાલ મોટા શહેરોમાં સફળતા પૂર્વક કાર્યરત છે. આ સોફ્ટવેરમાં ઓનલાઈન હોટલ, લોજ વિગેરેમાં આવતા મુસાફરોની ઓનલાઇન એન્ટ્રી કરવાની રહે છે.

આ સોફ્ટવેર અત્રેના જિલ્લા ખાતે કાર્યરત કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે અને તેનું નિયંત્રણ વલસાડ ઓપરેશન ગૃપ દ્વારા કરવામાં આવી રહેલ છે. જેથી જિલ્લાની તમામ હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા, કોર્પોરેટ હાઉસ કે જેઓ મુસાફરો, વેપારીઓ વિગેરેને ટુકો આશરો આપે છે એ તમામે આ સોફ્ટવેરમાં ઓનલાઈન એન્ટ્રી કરવાની રહે છે. જેને માટે પ્રથમ તેઓએ એસ.ઓ.જી. શાખા વલસાડ ખાતેની કચેરીએ જઈ તેઓની હોટલ /એકમ આ સોફ્ટવેરમાં રજીસ્ટર કરાવવાનું રહેશે અને તેઓના યુઝર આઈ.ડી. પાસવર્ડ મેળવવાના રહેશે ત્યારબાદ જ તેઓઆ સોફ્ટવેરમાં મુસાફરોની એન્ટ્રી કરી શકશે. જેથી ઉપરોક્ત સુચના મુજબ અગમચેતીના પગલાં રૂપે સાવચેતી તથા તકેદારીના પગલાં લેવાના હેતુસર ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો) ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ વલસાડ જિલ્લાના તમામ હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફર ખાના સંચાલકોએ પથિક સોફ્ટવેરમાં મુસાફરોની એન્ટ્રી કરવા માટે નીચે જણાવ્યા મુજબની સુચનાનું ચુસ્તપણે પાલન કરવા માટે આથી હુકમ કરૂં છું.

વાસ્તે હું એ.આર.જહા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ભારતના ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો) ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ સુચનાનું ચુસ્તપણે પાલન કરવા વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા.૦૧/૦૬/૨૦૨૪ થી તા.૩૦/૦૭/૨૦૨૪ (બંન્ને દિવસો સહીત) સુધી હુકમ ફરમાવું છું.

સ્થાનિક હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફર ખાના ના સંચાલકોએ ગ્રાહકની રજીસ્ટર એન્ટ્રી કરવા માટે પોતાના રીસેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેકટીવીટી સાથેનું એક કોમ્પ્યુટર રાખવાનું રહેશે અને તેમાં ગુજરાત પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ "PATHIK" (Program for Analysis of Traveler and Hotel Informatics) ઈન્સ્ટોલ કરવાની રહેશે તેમજ તે મેન્યુઅલ રજીસ્ટરમાં થતી તમામ એન્ટ્રીઓ આ "PATHIK" એપમાં ફરજીયાતપણે ઓનલાઈન કરવાની રહેશે.

-:શિક્ષા :-

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા પો.સબ ઈન્સપેકટરશ્રી કે તેથી ઉપરનાં હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ: ૩૧/૦૫/૨૦૨૪ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુ ક મ :-

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૭(૩) અન્વયે કાઢેલ.

નં.ડીસીબી.એમએજી/જીપીએ/રજી.૫૫/વશી.૪૪૮૨ થી ૪૫૩૧/૨૦૨૪.–ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ની કલમ - ૩૭(૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું એ.આર.જૂહા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ, લોક્સભાની સામાન્ય ચુંટણી-૨૦૨૪ ના કામે મતદાન તા.૦૭/૦૫/૨૦૨૪ ના રોજ અત્રેના જિલ્લામાં પૂર્ણ થયેલ છે અને મતગણતરી તા.૦૪/૦૬/૨૦૨૪ ના રોજ યોજાનાર છે. ઉક્ત મતગણતરી દરમ્યાન જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું એ.આર.જૂહા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ ગુજરાત (મુંબઈ) પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને -૧૯૫૧ નો ૨૨ માં)ની કલમ - ૩૭ ની પેટા કલમ - ૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જિલ્લામાં તા.૦૧/૦૬/૨૦૨૪ થી તા.૧૩/૦૬/૨૦૨૪ સુધી અનઅધિકૃત રીતે/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહી, સરઘસ કાઢવું નહીં કે દેખાવ કરવા નહીં.

આ હુકમ સ્મશાન યાત્રા કે એસ.ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, અગર સક્ષમ અધિકારીશ્રીની લેખિત પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યક્તિઓ તથા સરકારશ્રી દ્વારા આયોજીત કાર્યક્રમો તથા અભિયાનને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લઘંન કરનારને ગુજરાત (મુંબઈ) પોલીસ અધિનિયમ - ૧૯૫૧ (સને-૧૯૫૧ નો ૨૨ માં) ની કલમ - ૧૩૫ (૩) મુજબ અથવા ભારતીય ફોજદારી અધિનિયમ - ૧૮૬૦ ની કલમ - ૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે. અને ક્ષેત્રાધિકાર ધરાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર દરજ્જાથી ઉતરતા ન હોય તેવા અધિકારીને ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ: ૦૧/૦૬/૨૦૨૪ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

-:: ટ્રાફીક નિયમન અંગે પ્રતિબંધ/ડાયવર્ઝન અંગેનું જાહેરનામું ::-

નં.ડીસીબી/એમએજી/ડાઈવર્ઝન જાહેરનામું/રજી.નં.૩૧/વશી. ૩૧૦૩ થી ૩૧૫૨/૨૦૨૫.–જિલ્લા વિકાસ અધિકારીશ્રી વલસાડના પત્ર જા.નં.એચસી/વશી/૧૩૮૨/૨૦૨૪, તા.૨૨/૦૨/૨૦૨૪ થી વલસાડ તાલુકા પંચાયત કચેરીનું મકાન તોડી તેજ જગ્યાએ તાલુકા પંચાયત કચેરીનું નવું મકાન બનાવવાના કામે વલસાડ તાલુકા પંચાયત કચેરીથી જિલ્લા પંચાયત કચેરીના પાછળના દરવાજા સુધીના રસ્તાને વાહન વ્યવહાર માટે બંધ કરી ડાર્યવઝન અંગેનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ હતી. સદરહુ દરખાસ્ત અન્વયે પોલીસ વિભાગ તથા ચીફ ઓફિસરશ્રી નગરપાલિકા વલસાડ તથા મામલતદારશ્રી વલસાડ (શહેર)નો સદર જાહેરનામુ બહાર પાડવા સંયુક્ત અભિપ્રાય મંગાવતા તેઓ તરફથી મળેલ હકારાત્મક અભિપ્રાય ધ્યાને લઈ અત્રેથી તા.૩૧/૦૩/૨૦૨૫ સુધી જાહેરનામું બહાર પાડેલ છે. જિલ્લા વિકાસ અધિકારીશ્રી વલસાડના પત્ર જા.નં.પીબી-૩/વશી/૧૯૫૨/૨૦૨૫, તા.૨૪/૦૩/૨૦૨૫ થી જાહેરનામાની મુદત લંબાવવા દરખાસ્ત કરેલ છે. સદર રસ્તા પરથી તમામ પ્રકારના વાહનો માટે બંધ કરી ડાયવર્ઝન આપવું હિતાવહ જણાય છે.

વાસ્તે, હું એ.આર.જૂહા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (૨૨ માં)ની કલમ-૩૩ ની પેટા કલમ-૧ (બી) અન્વયે મળેલ સત્તાની રૂએ, તા.૦૧/૦૪/૨૦૨૫ થી તા.૩૧/૦૫/૨૦૨૫ સુધી જિલ્લા વિકાસ અધિકારીશ્રી વલસાડની દરખાસ્ત ધ્યાને લઈ નીચે મુજબનું ડાયવર્ઝન આપી વલસાડ તાલુકા પંચાયત કચેરીથી જિલ્લા પંચાયત કચેરીના પાછળના દરવાજા સુધીના રસ્તા પરથી તમામ પ્રકારના વાહનોના આવન-જાવન માટે પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાતાં ટ્રાફિક નિયમન અને કાયદો અને વ્યવસ્થાને લક્ષમાં રાખી આથી નીચે જણાવ્યા અનુસારનું જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

-:: પ્રતિબંધીત માર્ગ ::-

વલસાડ તાલુકા પંચાયત કચેરીથી જિલ્લા પંચાયત કચેરીના પાછળના દરવાજા સુધીના રસ્તા પરથી તમામ પ્રકારના વાહનોના આવન-જાવન માટે પ્રતિબંધીત માર્ગ તરીકે જાહેર કરવામાં આવે છે.

-:: ડાયવર્ઝન અંગેની વિગત ::-

(૧) વલસાડ રૂરલ પોલીસ સ્ટેશન થી તાલુકા પંચાયત કચેરી થઈ ડોક્ટર હાઉસ તરફથી જઇ શકાશે.

(૨) વલસાડ સીટી પોલીસ સ્ટેશનથી વલસાડ ધરમપુર રોડ થઈ કલ્યાણ બાગ તરફ થઈ જઇ શકાશે.

નોંધ :-

કાર્યપાલક ઈજનેરશ્રી પંચાયત (મા.મ.) વિભાગ વલસાડએ પ્રતિબંધિત માર્ગ તરફ જતા તમામ રસ્તાઓના બન્ને છેડે વાહનો પ્રવેશી ન શકે તે માટે જરૂરી આડશો (બેરીકેટીંગ) કરી બન્ને છેડે વાહનો માટે પ્રતિબંધના બોર્ડ લગાવવાની વ્યવસ્થા કરવાની રહેશે તથા સ્થાનિક પોલીસ સ્ટેશનેથી જરૂરી ટ્રાફીક નિયમન કરવાની કાર્યવાહી કરવાની રહેશે.

ઉપરોકત નિર્ણય જાહેર જનહિતમાં ટ્રાફિક નિયમન અને કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે હુકમ તારીખથી જાહેર કરવાનું ઉચિત જણાયેલ છે.

આજ તા. ૨૮/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

એ. આર. જહા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
વલસાડ.

હુકમ:-

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૭(૧) અન્વયે કાઢેલ.

નં.ડીસીબી.એમએજી/જીપીએ/રજી.૩૨/વશી. ૩૧૯૫ થી ૩૨૪૪/૨૦૨૫.–ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ની કલમ - ૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું વિમલ પટેલ, ઈ.ચા. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ, આગામી સમયમાં હનુમાન જયંતિ તથા આંબેડકર જયંતિના તહેવારની ઉજવણી થનાર હોય જેથી પોલીસ અધિક્ષકશ્રી વલસાડની દરખાસ્ત ધ્યાનમાં લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તા.૦૭/૦૪/૨૦૨૫ થી તા.૨૧/૦૪/૨૦૨૫ સુધી નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવાની

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોઈ.

(૨) પોલીસ અધિક્ષકશ્રી વલસાડ અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોઈ તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિત.

(૪) સરકારશ્રી દ્વારા આયોજીત વિવિધ કાર્યક્રમો કે અભિયાન.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને - ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ના કાયદાની કલમ - ૧૩૫ (૧) તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ મુજબ શિક્ષાને પાત્ર થશે અને આ હુકમનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી નાયબ પોલીસ અધિક્ષક સુધીનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને ફરિયાદ માંડવા આથી અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ: ૦૫/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

હુકમ:-

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૭(૩) અન્વયે કાઢેલ.

નં.ડીસીબી.એમએજી/જીપીએ/૨જી.૩૩/વશી. ૩૨૪૫ થી ૩૨૯૪/૨૦૨૫.–ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ની કલમ - ૩૭(૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું વિમલ પટેલ, ઈ.ચા. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ, આગામી સમયમાં હનુમાન જયંતિ તથા આંબેડકર જયંતિના તહેવારની ઉજવણી થનાર હોય જેથી પોલીસ અધિક્ષકશ્રી વલસાડની દરખાસ્ત ધ્યાનમાં લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું વિમલ પટેલ, ઈ.ચા. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને -૧૯૫૧ નો ૨૨ માં)ની કલમ - ૩૭ ની પેટા કલમ - ૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જિલ્લામાં તા.૦૭/૦૪/૨૦૨૫ થી તા.૨૧/૦૪/૨૦૨૫ સુધી અનઅધિકૃત રીતે/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહી, સરઘસ કાઢવું નહીં કે દેખાવ કરવા નહીં.

આ હુકમ સ્મશાન યાત્રા કે એસ.ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, અગર સક્ષમ અધિકારીશ્રીની લેખિત પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યક્તિઓ તથા સરકારશ્રી દ્વારા આયોજીત કાર્યક્રમો તથા અભિયાનને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને - ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ના કાયદાની કલમ - ૧૩૫ (૧) તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ મુજબ શિક્ષાને પાત્ર થશે અને આ હુકમનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી નાયબ પોલીસ અધિક્ષક સુધીનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને ફરિયાદ માંડવા આથી અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ: ૦૫/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

વિમલ પટેલ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
વલસાડ (ઈ.ચા.)

:: જાહેરનામુ ::

-:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::-

નં.ડીસીબી/એમએજી-૧/૨જી.નં.૬૩/વશી.૫૩૮૧ થી ૫૪૮૨ /૨૦૨૪.–પ્રસ્તુત કામે રાજ્યના વિવિધ ભાગોમાં દરિયા કિનારે તથા પાણીના ભારે વહેણ ધરાવતા કોઝ-વે, નદી, નહેર, જળાશયો તેમજ પાણીના ધોધમાં ન્હાવા જવાથી ઘણા લોકોના તણાઈ/ડૂબી જવાથી મૃત્યુ થવાના કિસ્સાઓ અવાર-નવાર બનતા હોય છે. જે અંગે સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૩૦/૦૫/૨૦૨૪ ના પત્રથી આવા ભયજનક સ્થળોએ કોઈપણ વ્યક્તિ/પ્રવાસીઓ ન્હાવા માટે ન જાય તે માટે જરૂરી પ્રતિબંધાત્મક હુકમો બહાર પાડવા સુચના આપેલ છે. જે ધ્યાને લઈ હાલમાં ચોમાસાની ઋતુ હોય અત્રેના જિલ્લામાં પણ નદી, નાળા, નહેર, કોઝ-વે વિગેરેમાં પાણીનું ભારે વહેણ ચાલુ હોય તેમજ દરિયામાં પણ ભરતીનો સમય હોય ઊંચા મોજાં ઉછળતા હોય છે. જેમાં આમ જનતા તથા પ્રવાસીઓ પોતાનો જીવ જોખમમાં મુકી ન્હાવા જતાં હોય છે. જેના કારણે લોકોના જાનમાલને નુકશાન થાય તેવી પુરી સંભાવના હોય લોકોના જાનમાલને થતું નુકશાન અટકાવવા આવા ભયજનક સ્થળોએ પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું એ.આર.જૂહા, ઈ.ચા. જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલી સત્તાની રૂએ ફરમાઉ છું કે,

(૧) સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ નદી, નાળા, નહેર, ચેકડેમ તથા તેનો નીચાણ વાળો વિસ્તાર, જળાશયો, કોઝ-વે તથા નાના-મોટા ધોધ જેવા પાણીનું ભારે વહેણ ધરાવતાં ભયજનક સ્થળોએ કોઈપણ વ્યક્તિ/પ્રવાસીઓએ ન્હાવા જવા, કપડા ધોવા કે માછલી પકડવા માટે પ્રવેશ કરવો નહી તેમજ તે માટે મદદગારી કરવી નહી.

(૨) સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ દરિયા કિનારાએ ભરતીના સમયે તથા ચોમાસાની ઋતુ દરમિયાન ઊંચા મોજાં ઉછળતા હોવાથી કોઈપણ વ્યક્તિ/પ્રવાસીઓએ ન્હાવા જવા દરિયાના પાણીમાં પ્રવેશ કરવો નહી તેમજ દરિયા કિનારે જોખમી રીતે ઉભા રહેવું નહી.

(૩) સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ કોઝ-વે ઉપર પાણીનું વહેણ ચાલુ હોય ત્યારે કોઈ વ્યક્તિએ જાતે અથવા વાહન સાથે કોઝ-વે ઉપરથી પસાર થવું નહી.

(૪) ઉપરના તમામ ભયજનક સ્થળોએ જોખમી રીતે ઉભા રહી મોબાઈલ/કેમેરામાં ફોટા/સેલ્ફી લેવાં નહી.

::મુક્તિ::

આ હુકમ કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તથા આપત્તિ વ્યવસ્થાપન માટે મુકાયેલ કર્મચારીઓ તથા અધિકારીશ્રીઓને લાગુ પડશે નહી.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કર્યે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. અને આ હુકમનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી નાયબ પોલીસ અધિક્ષક સુધીનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને ફરિયાદ માંડવા આથી અધિકૃત કરવામાં આવે છે.

::અમલવારીનો સમય::

આ હુકમ તા.૦૬/૦૭/૨૦૨૪ થી તા.૦૩/૦૯/૨૦૨૪(બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

આજ રોજ તારીખ: ૦૬/૦૭/૨૦૨૪ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

એ. આર. જૂહા,
ઈ.ચા. જિલ્લા મેજીસ્ટ્રેટ,
વલસાડ.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણી ક્રમાંકઃREG/LUN/MAH/SE/૪૯૭૩૩/૨૦૨૫. જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ મહીસાગર આથી જાહેર કરે છે કે ધી જય જલારામ સેવા સહકારી મંડળી મુ.પો.ગાગરના મુવાડા, તા. બાલાસિનોર જિ.મહેસાણા સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ (સને. ૧૯૬૨નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૦)ની કલમ-૯ અન્વયે થી નોંધવામાં આવેલ છે.

લુણાવાડા, તાઃ૨૭મી જાન્યુઆરી ૨૦૨૫

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણી ક્રમાંકઃREG/LUN/MAH/SE/૪૯૭૩૪/૨૦૨૫. જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ મહીસાગર આથી જાહેર કરે છે કે ધી લીમડી સેવા સહકારી મંડળી મુ.પો.દેવ, તા.બાલાસિનોર જિ.મહેસાણા સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ (સને. ૧૯૬૨નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૦)ની કલમ-૯ અન્વયે થી નોંધવામાં આવેલ છે.

લુણાવાડા, તાઃ૨૭મી જાન્યુઆરી ૨૦૨૫

નોંધણી ક્રમાંકઃREG/LUN/MAH/SE/૪૯૭૩૫/૨૦૨૫. જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ મહીસાગર આથી જાહેર કરે છે કે ધી ગઢનામુવાડા સેવા સહકારી મંડળી લી.મુ.ગઢનામુવાડા, પો.જનોડ તા.બાલાસિનોર જિ.મહિસાગર સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ (સને. ૧૯૬૨નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૦)ની કલમ-૯ અન્વયે થી નોંધવામાં આવેલ છે.

લુણાવાડા, તાઃ૨૭મી જાન્યુઆરી ૨૦૨૫

નોંધણી ક્રમાંકઃREG/LUN/MAH/SE/૪૯૭૩૬/૨૦૨૫. જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ મહિસાગર આથી જાહેર કરે છે કે ધી ખોડિયાર સેવા સહકારી મંડળી લી. ધોળી મુ.ધોળી(ધાટડા), પો. ડેભારી,તા.વિરપુર જિ.મહીસાગર સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ (સને.૧૯૬૨નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૦)ની કલમ-૯ અન્વયે થી નોંધવામાં આવેલ છે.

લુણાવાડા, તાઃ૨૮મી જાન્યુઆરી ૨૦૨૫

નોંધણી ક્રમાંકઃREG/LUN/MAH/SE/૪૯૭૩૭/૨૦૨૫. જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ મહીસાગર આથી જાહેર કરે છે કે ધી મહાકાળી સેવા સહકારી મંડળી લી. મુ.બાદરપુરા આલમપુરા, પો. ડેભારી, તા.વિરપુર જિ.મહીસાગર સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ (સને.૧૯૬૨નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૦)ની કલમ-૯ અન્વયે થી નોંધવામાં આવેલ છે.

લુણાવાડા, તાઃ૨૭મી જાન્યુઆરી ૨૦૨૫

નોંધણી ક્રમાંકઃREG/LUN/MAH/SE/૪૯૭૩૭/૨૦૨૫. જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ મહિસાગર આથી જાહેર કરે છે કે ધી હર સિધ્ધિ સેવા સહકારી મંડળી લી. મુ.બોર પો.બાર, તા.વિરપુર જિ.મહીસાગર સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ (સને.૧૯૬૨નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૦)ની કલમ-૯ અન્વયે થી નોંધવામાં આવી છે.

લુણાવાડા, તાઃ૨૭મી જાન્યુઆરી ૨૦૨૫

નોંધણી ક્રમાંકઃREG/LUN/MAH/SE/૪૯૭૩૯/૨૦૨૫. જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ મહિસાગર આથી જાહેર કરે છે કે ધી ખોડિયાર સેવા સહકારી મંડળી લી. મુ.પો.રામપુરા, તા.વિરપુર જિ.મહિસાગર સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ (સને.૧૯૬૨નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૦)ની કલમ-૯ અન્વયે થી નોંધવામાં આવેલ છે.

લુણાવાડા, તાઃ૨૮મી જાન્યુઆરી ૨૦૨૫

જી.વી.ગરાસીયા
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ મહીસાગર
લુણાવાડા

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણી ક્રમાંકઃ-નધણ/વીએલડી/સા(હા)-૨૧૦૩૧/૨૭/૧૦૫/૨૦૨૫ આથી જાહેર કરે છે આપનાં આપનાં ઈન્દ્રપ્રસ્થ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. મુકતાનંદ માર્ગ મહેશ્વરી ભવન પાછળ ચલા તા.વાપી જિ.વલસાડને

સને ૧૯૬૨ ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

વલસાડ, તાઃ૩૦મી જાન્યુઆરી ૨૦૨૫

જે.એન.પટેલ
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ (હા)
વલસાડ

ક્રમાંક:REG/TAP/SA/(HAA)-10449/૨૦૨૪/૩૬૪/૬૮૦ આથી જાહેર કરે છે કે : ધી હનીપાર્ક કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ. મું.કાનપુરા, પો.વ્યારા, તા.વ્યારા, જિ.તાપીને

સને ૧૯૬૨ ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સનેઃ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

સુરત, તાઃ ૩૦મી જાન્યુઆરી ૨૦૨૪

જે.એચ.કાકડિયા
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ (હાઉસિંગ)
વલસાડ

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંકઃ-KHE/SA/(CO)-17079/૨૦૨૫ આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, સિટી પોઈન્ટ કો-ઓપરેટીવ કોમર્શીયલ સર્વિસ સોસાયટી લી, સર્વે ૧૨૫૨/૪ મુ.માતર જિ.ખેડાને

(સને ૧૯૬૨નો ગુજરાત કાયદો ૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

નડીયાદ, તાઃ ૨૪મી જાન્યુઆરી ૨૦૨૫

જે.પી.દરજી

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર

સહકારી મંડળીઓ (હાઉસિંગ)

નડીયાદ

ક્રમાંકઃ MEH/ સા(હા)-૨૯૭૧૬/૨૦૨૫ આથી જાહેર કરવામાં આવે છે સુચિત ઓમકાર આંગન કો.ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી,. મુ-કડી., તા.કડી કાર્યક્ષેત્ર - મહેસાણા જિલ્લાના મહેસાણાના કડી તાલુકા ખાતે આવેલ ''ઓમકાર આંગન'' ના માલિકો પુરતું મર્યાદિત રહેશે.

સને-૧૯૬૨ના ગુજરાત કાયદા૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તાઃ ૨૪મી જાન્યુઆરી ૨૦૨૫

ક્રમાંકઃ HAA/SA/૨૧૭૧૫/૨૦૨૫ આથી જાહેર કરવામાં આવે છે સુચિત શિવાય વાટીકા કો.ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી,. મુ. મહેસાણા., તા.મહેસાણા કાર્યક્ષેત્ર - મહેસાણા જિલ્લાના મહેસાણાના તાલુકા ખાતે આવેલ ''શિવાય વાટીકા'' ના માલિકો પુરતું મર્યાદિત રહેશે.

સને-૧૯૬૨ના ગુજરાત કાયદા૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તાઃ ૨૧મી જાન્યુઆરી ૨૦૨૫

આશુ.કે.રોય

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર

સહકારી મંડળીઓ (હાઉસિંગ)

ગાંધીનગર.(મહેસાણા)

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.08.07 19:05:54 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara